સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24 (VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

LEGACY OF 49 GLORIOUS YEARS

વર્ષ : ૪૯ અંક : ૦૪ જૂનાગઢ તા.૧૬-૧૨-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 04, Junagadh : Date : 16 December, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
49 TH YEAR



## સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનો આજે ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ

જૂનાગઢનાં લોકપ્રિય અખબાર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની સ્થાપનાને ૪૮ વર્ષ સફળ રીતે પૂર્ણ થયા છે અને આજરોજ ૪૯ વર્ષમાં મંગલ પ્રવેશ થયો છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની વિકાસ યાત્રા કાર્તિકભાઈ ઉપાધ્યાયનાં દિવ્ય માર્ગદર્શન હેઠળ સતત આગળ ધપી રહી છે. અને જૂનાગઢ શહેર જીલ્લાનું અગ્રીમ અખબાર આજે સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં પણ આ અખબાર લોકભોગ્ય બન્યું છે. અને પ્રજાનાં અવાજનો ધબકાર બની ગયેલા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની વિકાસ કૂચ સતત જારી છે. આજે આ અખબાર ૪૯ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયું છે ત્યારે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં નવયુવાન તંત્રી અભીજીત ઉપાધ્યાય દ્વારા આ અખબારના સર્જક કાર્તિકભાઈએ કંડારેલી કેડી પર સદાય મકકમપણે ચાલવાનો દ્રઢ નિર્ધાર અને વિશ્વાસ વ્યક્ત કરાયો છે.

તા.૧૬-૧૨-૧૯૭૬નાં રોજ જૂનાગઢ ખાતે દૈનિક સ્વરૂપે સૌરાષ્ટ્ર ભૂમિ અખબારનો પ્રારંભ થયો હતો. છેલ્લા સાડા ચાર દાયકા કરતા વધુની મંજીલ કાપીને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક હવે તેની અખબારી સફરનાં પાંચ દાયકા પૂર્ણ કરવા તરફ આગળ વધી રહયું છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં આદ્યસ્થાપક સ્વ. ગજેન્દ્રભાઈ ઉપાધ્યાયનાં આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ સ્થાપક તંત્રીશ્રી કાર્તિકભાઈ ઉપાધ્યાય દ્વારા સખત મહેનત, સુયોગ્ય આયોજન અને સમાજનાં તમામ વર્ગનાં લોકોનાં સહયોગથી સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની વિકાસ યાત્રા અવિરત ચાલી રહી છે. આ પ્રગતિ પંથને વધુ આગળ ધપાવતા જનતા જનાર્દન અને સુજ્ઞ વાંચકોનાં અમે આભારી છીએ. વર્તમાન સમયમાં અખબાર ચલાવવું એક અત્યંત કઠિન અને સામા પ્રવાહમાં તરવા જેવું ભગીરથ કાર્ય ગણાય છે. તેમ છતાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પરીવારે જનતા જનાર્દનનાં સહકારથી તેની અખબારી સફર સફળતાપૂર્વક ચાલુ રાખી છે અને ઉત્તરોત્તર સફળતાનાં શિખરો સર કરી રહયું છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની જૂનાગઢ આવૃતિ બાદ ગાંધીનગર - અમદાવાદ ખાતે પણ આવૃતિ શરૂ કરવામાં આવી જેને પણ વ્યાપક સ્વીકૃતિ અને આવકાર પ્રાપ્ત થયો છે. આજે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક એક વટવૃક્ષ બની ગયું છે તેમ જણાવતાં અમે ગર્વ અનુભવી રહ્યા છીએ અને અમોને સહકાર આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની આ અખબારી સફરમાં કાર્યાલય પરીવારનાં સભ્યો, એજન્ટ મિત્રો અને અખબાર વિક્રેતાઓ અને વિજ્ઞાપન દાતાઓએ અમોને સહકાર આપ્યો છે તેની અમે આભાર સાથે નોંધ લઈએ છીએ. ભવિષ્યમાં પણ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાતનો જનતા જનાર્દનનો અવાજ બનીને ચોથીજાગીર તરીકેની પોતાની ફરજ બજાવવામાં પાછી પાની કરશે નહી તેવી અમે ખાત્રી આપીએ છીએ. આજે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનો ૪૯માં જન્મદિવસ નિમિત્તે સહકાર આપનાર સૌનો ફરી એકવાર હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આ સાથે જ અખબારી ધર્મ નિષ્પક્ષ, નિષ્ઠાપૂર્વક અને સત્યતાની એરણ ઉપર નિભાવવાનો કોલ આપવામાં આવે છે.

**અભિજીત ઉપાધ્યાય**
**: તંત્રી :**
**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક**
**(જૂનાગઢ આવૃતિ તથા ગાંધીનગર આવૃતિ)**

## ફ્રાન્સમાં 'ચિડા' વાવાઝોડાએ તબાહી મચાવી : ૧૦૦૦ના મોત

પેરીસ તા.૧૬

ફ્રાન્સના માયોટ ક્ષેત્રમાં વાવાઝોડા 'ચિડા'એ ભયાનક તબાહી મચાવી છે. વાવાઝોડાના કારણે અહીં જીવ ગુમાવનાર લોકોની સંખ્યા લગભગ ૧૦૦૦ હોઈ શકે છે. એક ટોચના સરકારી અધિકારીએ રવિવારે આ માહિતી આપી. મેયોટ પ્રીફેક્ટ ફ્રાન્કોઈસ-ઝેવિયર બ્યુવિલે ટીવી ચેનલ મેયોટ લાએરે કહ્યું, મને લાગે છે કે સૈંકડો લોકો મૃત્યુ પામ્યા હશે. લગભગ સંખ્યા ૧૦૦૦ની નજીક પહોંચી જશે. તેમણે વધુમાં જણાવ્યું કે શનિવારે હિન્દ મહાસાગરના ટાપુ પર આવેલાં ભીષણ ઉષ્ણકટિબંધીય ચક્રવાતને કારણે થયેલા વ્યાપક વિનાશ બાદ ચોક્કસ આંકડા આપવા 'અત્યંત મુશ્કેલ' છે.

આફ્રિકાના કિનારે દક્ષિણ-પૂર્વ હિંદ મહાસાગરમાં સ્થિત મેયોટ, ફ્રાન્સનો સૌથી ગરીબ ટાપુ પ્રદેશ અને યુરોપિયન યુનિયનનો સૌથી ગરીબ પ્રદેશ છે.

ચિડોને કારણે ૨૨૦ કિલોમીટર પ્રતિ કલાકથી વધુની ઝડપે પવન ફૂંકાયો હતો, જેના કારણે મેયોટમાં અનેક મકાનોને નુકસાન થયું હતું, ફ્રેન્ચ હવામાન સેવા અનુસાર આફ્રિકાના પૂર્વ કિનારે લગભગ ૮૦૦ કિલોમીટર દૂર આવેલા બે મુખ્ય ટાપુઓમાં ફેલાયેલા મેયોટની વસ્તી ૩ લાખથી વધુ લોકોની છે. કેટલાક સ્થળોએ સમગ્ર વિસ્તાર નાશ પામ્યો હતો. સ્થાનિક રહેવાસીઓએ અહેવાલ આપ્યો હતો કે સેંકડો વૃક્ષો ઉખડી ગયા હતા અને બોટ પલટી ગઈ હતી અથવા ડૂબી ગઈ હતી. તે જ સમયે, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું કે તેઓ સ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

## વિશ્વ વિખ્યાત તબલા વાદક ઝાકીર હુસૈનનું અમેરીકામાં નિધન



સાનફ્રાન્સીસ્કો તા.૧૬


વિશ્વભરમાં જાણીતા તબલા વાદક અને સંગીતકાર ઉસ્તાદ ઝાકિર હુસૈનનું નિધન થયું છે. ૭૩ વર્ષીય આ મહાન કલાકારે અમેરિકાના સાન ફ્રાનસિસ્કોમાં અંતિમ શ્વાસ લીધા છે. ઝાકિર હુસૈન છેલ્લા કેટલાક સમયથી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાનો સામનો કરી રહ્યાં હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના પરિવારે તેમના નિધનની પુષ્ટિ કરી છે. વિશ્વપ્રસિદ્ધ તબલાવાદક અને પદ્મ વિભૂષણ ઉસ્તાદ ઝાકિર હુસૈનનું નિધન થયું. આજે સવારે તેમના પરિવારે આ વાતની પુષ્ટિ કરી હતી. ઝાકિર હુસૈન, જેમણે સંગીતનો વારસો પોતાની નસોમાં જાળવી રાખ્યો હતો, તે દેશના એવા કલાકારોમાંના એક હતા જેમણે ભારતીય શાસ્ત્રીય સંગીતને વૈશ્વિક સ્તરે ગૌરવ અપાવ્યું હતું.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભકામના...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર

હરિ-કલા +
યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભકામના...

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

PARDAWALA

બેડરૂમ સેટ
મોડયુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફનિર્ચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભકામના...

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભકામના...

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત 2870/-

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
+
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત 5060/-

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો





સૌરાષ્ટ્રભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભકામના...

The Co-Operative Bank of Rajkot Ltd.
Multi State Co-Operative Bank
Raj Bank

બેંક દ્વારા
માનવંતા ગ્રાહક માટે વિવિધ સેવાઓ
૨૪ કલાક ૩૬૫ દિવસ
વોટ્સએપ બેંકીંગ
POS મશીન સર્વિસ
મોબાઈલ બેંકીંગ એપ્લીકેશન
કેશ ડીપોઝીટ અને ઉપાડ મશીન (CDM)
મિસ કોલ બેલેન્સ Inquiry
E-Gallery
ઓટોમેટીક પાસબુક પ્રિન્ટર

- ૨૭ શાખાઓ
- ૧૭ એટીએમ (રુ-પે પ્લેટીનમ કાર્ડ)
- ૦૮ કેશ ડીપોઝીટ / ઉપાડ મશીન
- લોકર સુવિધા (તમામ શાખાઓ)
- RTGS / NEFT / IMPS સુવિધા

સોનાના દાગીના સામે ધિરાણ સુવિધા ઉપલબ્ધ
ગોલ્ડ લોન રૂ. ૧.૭૫ લાખ સુધી
ગોલ્ડ સામે ઓવરડ્રાફ્ટ રૂ. ૧૦ લાખ સુધી
9.00%

બેંકમાં રજીસ્ટર્ડ થયેલા મોબાઈલ પરથી મિસ્ડકોલ કરો અને SMS દ્વારા આપના ખાતાની બેલેન્સની જાણકારી પ્રાપ્ત કરો
+91 76693 76694

ફિક્સડ ડિપોઝિટ
6.75% (જનરલ) 7.25% (સીનીઅર સીટીઝન)

ધંધાકીય હેતુ માટે
રૂ. ૮૫ લાખ સુધી
બિઝનેસ / ઈન્ડસ્ટ્રીયલ / મશીનરી / ફર્નીચર ફીક્ષર લોન / ઓવરડ્રાફ્ટ / સીસી / મેડીકલ ઈક્વીપમેન્ટ તથા અન્ય લોન ડોક્ટર માટે
8.50%

જુલી સાવલીયા સી.ઈ.ઓ. | જયંતિલાલ વસોયા ઈન્ચાર્જ ચેરમેન

'Sahakar Sarita', Panchnath Road, Rajkot - 360 001 (Gujarat)
0281 - 2234454 / 2224120 Fax: 0281 - 2236682 info@tcbrl.com tcbrl.com

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આઝીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

# જૂનાગઢમાં રૂા. ૨ કરોડ ૪૩ લાખની છેતરપીંડી

## સારા મકાનો આપવાની લાલચ આપી વિશ્વાસઘાત કરવા અંગે પૂજન ઈન્ફ્રાસ્ટ્રકચર પેઢીનાં મનીષ કારીયા, સંજય ભંડારી સામે પોલીસ ફરીયાદ : ચકચાર

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ શહેરમાં બાંધકામ વ્યવસાય સાથે જોડાયેલી એક પેઢીનાં સંચાલકોએ સારા મકાન બનાવી આપવાની લાલચ આપી અને વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી રૂા. ૨ કરોડ ૪૩ લાખની છેતરપીંડી અંગેની એક ફરીયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવનાં પગલે ભારે ખળભળાટ મચી ગયો છે.

મકાન લે-વેચ કરતી વખતે નાણાંકીય વ્યવહારોની આપ-લે સમયે અવાર નવાર છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યા અંગેનાં બનાવો બહાર આવી રહયા છે ત્યારે વધુ એક બનાવ જૂનાગઢ ખાતે બહાર આવેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢમાં રહેતા ફરીયાદી રમાબેન નવનીતરાય મહેતા અવદીત્ય ગઢીયા બ્રાહ્મણ (ઉ.વ. ૬૨) (રહે. મધુરમ બાયપાસ બાલાજી હેરીટેજ બ્લોક નં. બી-૧૦૨)એ મનીષ મોહનલાલ કારીયા રહે. જૂનાગઢ તેમજ સંજય ભંડારી અને તપાસમાં જે ખુલે તે તમામ સામે એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આ કામના વેપારી આરોપી મનીષ મોહનલાલ કારીયા રહે. જૂનાગઢવાળા તથા સંજય ભંડારીએ પુર્વ આયોજીત કાવતરૂ રચી આરોપી મનીષ કારીયાની પુજન ઈન્ફ્રાસ્ટ્રકચર પેઢીનાં નામે ઘણા વર્ષોથી બાંધકામનો ધંધો કરી મકાન બનાવી તૈયાર કરે છે તેવી આ કામના ફરીયાદી તથા અન્ય ભોગ બનનાર વ્યકિતઓને વાત કરી આરોપીઓએ ફરીયાદીને પુજન ઈન્ફ્રાસ્ટ્રકચર પેઢીનાં પેમ્ફલેટ અને બાંધકામની સાઈડનાં ફોટા તથા મળેલ એવોર્ડનાં ફોટા બતાવી અને અન્ય બિલ્ડરો કરતા સારી ગુણવત્તાવાળુ મકાન આપવાનો વિશ્વાસ કેળવી ફરીયાદી તથા અન્ય ભોગ બનનાર વ્યકિતઓ પાસેથી પુર્વ આયોજીત ગુનાહીત કાવતરૂ રચી પૈસા પડાવી લેવાના ગુનાહીત ઈરાદા સામે બંને આરોપીઓએ અગાઉથી રચેલ આયોજન મુજબ ફરીયાદી પાસેથી મુન લાઈટ પ્રોજેકટનાં બ્લોક નં. એ-૦૧ તથા એ-૦૨ના પ્લોટના સોદા પેટેનાં રૂા. ૩૫,૦૦,૦૦૦ મેળવી તથા ફરીયાદમાં જણાવેલ અન્ય ભોગ બનનાર વ્યકિતઓ પાસેથી રૂા. ૨,૦૮,૦૦,૦૦૦ બે કરોડ આઠ લાખ મળી કુલ રૂા. ૨,૪૩,૦૦,૦૦૦ બે કરોડ તેતાલીસ લાખ ફરીયાદી તથા બોગ બનનાર વ્યકિતઓ પાસેથી યેનકેન પ્રકારે મેળવી લઈ વિશ્વાસ સંપાદન કર્યા મુજબ ફરીયાદી કે ભોગ બનનાર વ્યકિતઓને પ્લોટ કે મકાન કે તેઓ પાસેથી લીધેલ રૂપિયા પરત નહી આપી ફરીયાદી તથા ભોગ બનનાર વ્યકિતઓનાં કુલ રૂા. ૨,૪૩,૦૦,૦૦૦ બે કરોડ તેતાલીસ લાખ મેળવી પોતાની ઓફીસ તથા મોબાઈલ બંધ કરી નાસી જઈ ફરીયાદી તથા ભોગ બનનાર વ્યકિતઓનાં કુલ રૂા. ૨,૪૩,૦૦,૦૦૦ બે કરોડ તેતાલીસ લાખ ઓળવી ભાગી જઈ આરોપીઓએ પુર્વ આયોજીત ગુનાહીત છેતરપીંડી કરવાનાં ઈરાદા સાથે વિશ્વાસઘાત કરી ગુનો કર્યા અંગેની ફરીયાદ પોલીસમાં નોંધાવવામાં આવેલ છે. આ બનાવ તા. ૧-૪-૨૪ થી ૧૫-૧૨-૨૪ દરમ્યાન બનવા પામેલ છે. આ ફરીયાદનાં આધારે પોલીસે આરોપીઓ વિરૂધ્ધ બીએનએસ ક ૩૧૬ (૫), ૩૧૮ (૨), ૬૧ (૨) મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ પીઆઈ એચ.કે. હુંબલ ચલાવી રહયા છે.

## વંથલી નજીક કાર હડફેટે મોટર સાયકલ ચાલક વૃધ્ધનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

વંથલી તા.૧૬

વંથલીથી કોયલી મઠ તરફ જતા રસ્તા પર ઈકો કાર ચાલકે બાઈકને હડફેટે લેતા બાઈક ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું વંથલી પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે મનસુખભાઈ ચનાભાઈ કાકડીયાએ ઈકો ફોર વ્હીલ નં.જીજે-૩૨-કે-૧૮૦૯ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે મૃતક બાબુભાઈ ચનાભાઈ કાકડીયા તેમના હવાલાનું હીર કંપનીનું સપ્લેન્ડર પ્લસ બાઈક નં.જીજે-૦૬-કયુએમ-૨૭૫૩વાળું લઈને વડોદરાથી બાંટવા જતા હોય દરમ્યાન વંથલીથી કોયલી મઠ તરફ જતા રસ્તે મુરલીધર હોટલની સામે પહોંચતા આરોપી ઈકો ફોર વ્હીલના ચાલક પોતાની ઈકો કાર ગફલત રીતે ચલાવી મરણ જનારની બાઈક સાથે ભટકાવી મરણ જનારને માથાના ભાગે અને શરીરે ઈજાઓ કરી મોત નિપજાવ્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વેરાવળના આદ્રી મુકામે શતચંડી યજ્ઞનું દિવ્ય આયોજન



સમસ્ત કાગદડા રાઠોડ પરિવારના કુળદેવી શ્રી મહાકાળી માતાજી શ્રી હિંગળાજ માતાજી મંદિરે યોજાયો શ્રી શતચંડી યજ્ઞ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૬

વેરાવળ નજીક આદ્રી ગામે સમસ્ત કાગદડા રાઠોડ પરિવારના કુળદેવી શ્રી મહાકાળી માતાજી શ્રી હિંગળાજ માતાજી મંદિરે શ્રી શતચંડી યજ્ઞ નું દિવ્ય આયોજન કરવામાં આવ્યું.આ યજ્ઞ માં કાગદડા રાઠોડ પરિવાર ઉપરાંત ગ્રામજનો સહિત બહોળી સંખ્યામાં ભાવિકો એ લ્હાવો લીધો હતો. આદ્રી મુકામે શ્રી મહાકાળી માતાજી શ્રી હિંગળાજ માતાજીના મઢમાં પ્રથમ વાર શ્રી શતચંડી યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં શાશ્વત ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિ સંપન્ન કરવી હતી. સેંકડો વેદોક્ત મંત્રોચ્ચારથી પરિસર ગુંજી ઉઠયું હતું. આ દિવ્ય ધાર્મિક આયોજન ને સફળ બનાવવા સમસ્ત કાગદડા રાઠોડ પરિવાર ના અગ્રણી સુરેશભાઈ રાઠોડ, વિપીનભાઈ ચોકસી, રાજુભાઈ રાઠોડ, વિનુભાઈ રાઠોડ, મોહિતભાઈ રાઠોડ, હિતેષભાઈ રાઠોડ, સન્ની પ્રભુદાસભાઈ રાઠોડ સહિત યુવાનો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ શત્ ચંડી મહાયજ્ઞ કરવાથી મેલી વિદ્યાના પ્રભાવથી થતી પીડા માંથી મુક્તિ મૃત્યુના ભયનો નાશ, ધન - સંપત્તિ - સંતતિની પ્રાપ્તિ, દેવ પ્રકોપ, ગુરૂ કોપથી મળેલ શ્રાપનું શમન, યશ, માન - કિર્તિ, ઐશ્વર્યની પ્રાપ્તિ અને પારિવારિક સુખની સંપન્નતા જેવા લાભની પ્રાપ્તિ થાય છે. આજના સમયમાં જે લોકો પાસે આખા દિવસ પર્યંત બેસીને આ રીતે મહાશક્તિની પૂજન કે અનુષ્ઠાન કરવાનો સમય ન હોય તેઓ જો માત્ર શિવ પૂરાણના શ્રી ડામર તંત્ર ' માં બતાવેલ અને ' શ્રી ઈશ્વર પાર્વતી સંવાદ ' ના સ્વરૂપમાં વર્ણવેલ ' શ્રી કુન્નિકા સ્તોત્રમ્ ' નો પાઠ કરવાથી પણ આ ' દુર્ગા સપ્તસતી 'કે' શત્ ચંડી ' યજ્ઞનું ફળ સહજ રીતે પ્રાપ્ત થાય છે.

## પૂનમ નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીદાદાને સેવંતીના ફુલોનો શણગાર-હીરાજડિત મુગટ પહેરાવાયા

### ૧૦૮ કિલો અડદિયાનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૬

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પૂનમ નિમિત્તે તા.૧૫-૧૨-૨૦૨૪ને રવિવારના રોજ સાળંગપુરમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને સેવંતીના ફુલોનો શણગાર કરાયો છે. દાદાને અડદિયાનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આજે સવારે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. પછી શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. દાદાને સેવંતીના ફુલોનો દિવ્ય શણગાર-હીરાજડિત મુગટ ધરાવવામાં આવ્યો હતો. આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે હીરાજડિત મુગટ પહેરાવાયો સેવંતીના ફુલોનો શણગાર કરાયો છે. વડોદરાથી આ ફુલ મંગાવ્યા છે. સિલ્કના વાઘા ફુલની ડિઝાઈન અને જરદોશી વર્ક કરાયું છે. હજારો ભકતોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.પૂનમ નિમિત્તે સાંજે ૦૪:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું.દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવેલ, પુષ્પવર્ષા કરવામાં આવેલ, દાદાની દિવ્ય સંધ્યા આરતી ૬:૧૫ કલાકે પ.પૂ જગતસ્વામીદ્વારા કરવામાં આવી હતી. શ્રી કષ્ટભંજનદેવ દાદાના દર્શનાર્થે ગુજરાત રાજયના (સામાજિક ન્યાય અને અધિકારીતા અને મહિલા અને બાળ કલ્યાણ) કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

## માલસરના ગજાનન આશ્રમ ખાતે જોષી પરિવાર દ્વારા આજથી ત્રિદિવસીય અલૌકિક વિષ્ણુ યાગનો પ્રારંભ

### પુ. ઉષામૈયા પુ. પુરૂષોતમલાલજી ઉપસ્થિત રહી આશિવર્ચન પાઠવશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

સંપૂર્ણ જગત જેમાં રહેલું છે તેવા વિષ્ણુ ભગવાન પ્રિત્યર્થે બાલકૃષ્ણભાઈ એ. જોષી પરિવાર દ્વારા તા.૧૬ને સોમવારથી તા.૧૮ને બુધવાર સુધી શ્રી ગજાનન આશ્રમ માલસર તા.સિનોર જી. વડોદરા ખાતે ત્રિદિવસીય અલૌકીક વિષ્ણુ યગનું આયોજન કરાયું હતું. જેમાં આ વિષ્ણુ યાગમાં અતિથી વિશેષ તરીકે શ્રી શિવ દરબાર આશ્રમ (કાનાતળાવ)ના પુ. શ્રી ઉષામૈયા તેમજ પુ. પા ગો ૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી (રાજુબાવા) ઉપસ્થિત રહી આશિવર્ચન આપશે. પુ. સ્વ. માતુશ્રી મંજુલાબેન જોષી સ્વ. પુ. પિતાશ્રી અંબાશંકરભાઈ જોષીના આશિર્વાદથી શુભ મનોરથનું આયોજન કરાયું છે. જેમાં આચાર્ય પુનિતભાઈ રાજયગુરૂ (અમદાવાદ) વાળા શાસ્ત્રોકત વિધી સાથે વિષ્ણુ યાગની વિધી કરાવશે. આજે સવારે ૭ કલાકે પંચાગ કર્મ મંડપ પ્રવેશ વસ્તુ સ્થાપન અગ્નિ સ્થાપન સાથે આ વિષ્ણુ યાગનો પ્રારંભ થયો છે. મંગળવારના રોજ સવારે ૭થી ૯ પ્રાંત પુજા, ૯:૩૦થી૧ મહાપુજા બપોરે ૨ થી ૬ પ્રધાન હોમ, સાંજે પુજા આરતી, રાત્રે ૯ કલાકે રાસની રમઝટ બોલશે. તેમજ બુધવારના રોજ પ્રત ૭થી ૯ પ્રાત પુજા પ્રધાનહોમ ૧:૩૦ થી ૨:૩૦ વિરામ અને ૨:૩૦ થી ૫ પ્રધાનહોમ સાંજે ૫ કલાકે પુર્ણાહુતી આરતી અને તુલાદાન યજ્ઞમાં વૈદિક પરંપરા જાળવી રાખવા ભારતીય પોષક યજમાનઓ ધારણ કરશે. આ ત્રિદિવસીય વિષ્ણુ યાગ દરમ્યાન બપોરે ૧૨:૩૦ અને સાંજે ૭:૩૦ કલાકે ભોજનપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ધર્મોત્સવમાં ઉપસ્થિત રહેવા જોષી પરિવારના બાલકૃષ્ણભાઈ એ. જોષી અને પુષ્પાબેન બાલકૃષ્ણભાઈએ પરિવારજનો વતી લાભ લેવા નિમંત્રણ પાઠવ્યું છે.

## ગધેથડમાં મુખ્યમંત્રીનું સ્વાગત કરતા અનિરૂધ્ધસિંહ જાડેજા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

ઉપલેટા તાલુકના ગધેથડમાં ગાયત્રી આશ્રમ ખાતે વેદમાતા ગાયત્રી તેમજ માં લક્ષ્મીજી અને સરસ્વતી માંની અસીમ કૃપાથી શ્રી ગુરૂદત જયંતિની પુ. લાલબાપુના સનિધ્યમાં ઉજવણી કરવમાં આવેલ જેમાં પુ. લાલબાપુના શિષ્ય અને ક્ષત્રીય સમાજના અગ્રણી રિબડાના અનિરૂધ્ધસિંહ મહિપતસિંહ જાડેજા ખાસ સેવા માટે ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ ગુજરાત રજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું રજવાડી પાઘડી પહેરાવી સ્વાગત કર્યું હતું ત્યારે તસ્વીરમાં ભૂપેન્દ્રભાઈ પટેલનું ખુશખુશાલ મુદ્રામાં અભિવાદન કરતા અનિરૂધ્ધસિંહ જાડેજા નજરે પડે છે.

## જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં હવે મોતીયાના ઓપરેશન બાદ જમા થતી છારી ફ્રીમાં દૂર કરાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સુવિધામાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં હવે મોતીયાના ઓપરેશન પછી આંખમાં જમા થતી છારી દૂર કરવા માટેનુ લેશર મશીન ઉપલબ્ધ કરાયુ છે. જેથી લોકોને હવે છારીની સારવાર પણ ફ્રીમાં મળી શકશે. જૂનાગઢ સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડો. કૃતાર્થ બ્રહ્મ ભટ્ટે જણાવ્યુ કે, સામાન્ય રીતે જે લોકોએ મોતીયાનુ ઓપરેશન કરાવ્યુ હોય તેને ઓપરેશન કરાવ્યા બાદ આંખમાં છારી જમા થવાની સમસ્યા થતી હોય છે. આ છારી જમા થતા દ્રષ્ટિ ઓછી થઈ જાય છે અને દ્રશ્ય નિહાળવામાં ખૂબ જ તકલીફ પડે છે. તે છારી દૂર કરવા માટે લોકોને ખાનગીમાં રૂપિયા ૨૦૦૦ થી ૨૫૦૦ નો ખર્ચ થાય છે. જેને ધ્યાને રાખી સિવિલ તંત્ર દ્વારા હોસ્પિટલ ખાતે આ સુવિધામાં વધારો કરાયો છે. જેમાં જૂનાગઢ સિવીલમાં ઓપથેલમોલોજી એટલે કે આંખના ઓપીડી વિભાગ બીજા માળે છારી દૂર કરવાનુ લેશર મશીન ઉપલબ્ધ કરવામાં આવ્યુ છે. હવેથી લોકોને જૂનાગઢ સિવિલ ખાતે છારી ઉતારવાની સારવારનું ખાનગીમાં જે એક આંખ દીઠ અંદાજિત ૨૦૦૦ થી ૨૫૦૦ રૂપિયા જેટલો ખર્ચ થતો હતો તે વિનામુલ્યે થઈ જશે. પહેલા આ સુવિધા માટે દર્દીઓએ જામનગર, રાજકોટ જવુ પડતુ હતુ જેના બદલે હવે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે આ સુવિધા મળી રહેશે તેમ જણાવેલ છે.

### માનવીનો ભાવનાત્મક વિકાસ જરૂરી છે : સ્વામી પરમાત્માનંદજી

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીમાં મનુભાઈ વોરા ઓપન એર થિયેટર ખુલ્લું મુકાયું





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીમાં સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટ નિર્મિત ઓપન એર થિયેટરને ખુલ્લું મૂકતા સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજીએ જણાવ્યું હતું કે, " માનવીનો ભાવનાત્મક વિકાસ થાય એ આવશ્યક છે. આજે સમાજમાં ત્યાગનો, સંવેદનશીલતાનો દુકાળ છે. પેહલા સંસાધન ઓછા હતા પણ એકબીજાને મદદ કરવાની ખેવના વધુ હતી અને આજે સમૃદ્ધિ વધી છે પણ માનવીનો ભાવનાત્મક વિકાસ થતો નથી. ભારતની ઓળખ બને એવા ભાવનાત્મક વિકાસની જરૂરી છે." સ્વામીજીએ આ પ્રસંગે મનુભાઈ વોરાનાં પરિવારનાં સમાજ પ્રત્યેનાં અભિગમને બિરદાવતા કહ્યું હતું કે, "હું રાજકોટમાં આવ્યો ત્યારથી એટલે કે ૩૫ વરસથી આ પરિવાર પાસે કોઈ જાય તો ખાલી હાથે પાછું ના ફરે એવું સાંભળતો આવ્યો છું અને આજે પણ પરિવારમાં એ ભાવના અકબંધ છે. અલ્કાબેન વોરા અને અજયભાઈ જોશી હરદમ સેવા માટે તત્પર રહે છે. વોરા પરિવારના મોભી મનુભાઈ વોરાના નામે આજે ઓપન એર થિયેટર બન્યું છે એ આનંદની વાત છે કારણ કે, કળા અને સાહિત્ય વિના માનવી પશુ બનીને રહી જાય છે. " આ પ્રસંગે રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે કહ્યું હતું કે," મનુભાઈ વોરા પરિવાર સાથે અમારા પરિવારનો વર્ષોનો નાતો છે. એમનું ઘર અમારા માટે બીજું ઘર છે. એમણે પોતાની મોટાભાગની સંપત્તિ સમાજ માટે અર્પણ કરી છે એ પ્રેરણાદાયી છે." સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ ડો. કલ્પકભાઈ ત્રિવેદીએ મનુભાઈને યાદ કરતા કહ્યું હતું કે, "અમે ગમે ત્યારે કોઈ કામ માટે એમની ઓફિસે જતા હોઈએ તો એ અમને જોઈ તુરંત કહેતા કે, બોલો શું મદદ જોઈએ છે? અને આજેય એમનો પરિવાર સેવા ક્ષેત્રે એટલો જ સક્રિય છે." કલ્પકભાઈએ આજના કાર્યક્રમને પંચામૃત સમાન ગણાવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીના નિર્માણનાં સમયને અને સોસાયટીની સ્થાપનામાં જેમની ખૂબજ મહત્વની ભૂમિકા રહી છે એવા આર. ડી. આરદેશણા, સ્વ . વી. એચ. જોશી, , યુ. એન. પંડ્યા અને તેઓની સમગ્ર ટીમને યાદ કર્યા હતા. અને સમાજ તરીકે સૌ સાથે મળી જીવીએ , સમાજ માટે કૈક કરી છૂટીએ એવો અનુરોધ પણ ડો. કલ્પકભાઈ ત્રિવેદીએ કર્યો હતો. આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના દંડક અન વાયબ્રન્ટ નગર સેવક મનીષભાઈ રાડીયા અને કરૂણા ફાઉન્ડેશનનાં અધ્યક્ષ મિતલભાઈ ખેતાણી પણ ઉપસ્થિત હતા. મનુભાઈ વોરા પરિવારનાં મહેન્દ્રભાઈ વોરા અને અન્યો પણ ઉપસ્થિત હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયાએ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યુ હતું અને સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી અલ્કાબેન વોરાએ ઋણ સ્વીકાર કરેલો. આ કાર્યક્રમમાં સોસાયટીનાં ઉપાધ્યક્ષ સજી મેથ્યુ , સોસાયટીનાં મંત્રી અને સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન અજયભાઈ જોશી ઉપસ્થિત હતા. અને વાઈસ ચેરમેન અને વરિષ્ઠ પત્રકાર કૌશિક મહેતાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં જાણીતા કવિ સંજુ વાળા, દિલીપ જોશી, આર. પી. જોશી, ડો. સુનીલ જાદવ અને દીપક ત્રિવેદી ઉપરાંત એન.એસ. ઉપાધ્યાય, પૂર્વ પ્રમુખ પ્રો. પી. એચ. પરસાણીયા, દિનેશભાઈ ભુવા, ડો.સેજલબેન ભટ્ટ, જાણીતા પેઈન ફીજીશિયન ડો. ચેતનાબેન જાડેજા, ડો. ધર્મેન્દ્રસિંહ ગોહિલ, રાગિણીબેન દિનેશભાઈ ભુવા તેમજ સોસાયટીના વરિષ્ઠ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો .જયદીપસિંહ ડોડિયા , ઉપપ્રમુખ સજી મેથ્યુ, મંત્રી અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ એમ. પરમાર, સહમંત્રી રમેશ સભાયા, પ્રો. ડો. અનામિકભાઈ શાહ, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, શ્રી જિતેશકુમાર એમ. પંડિત, કૈલેશકુમાર તન્ના, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, ડો. દર્શન ભટ્ટ, ડી.પી. ત્રિવેદી, ઉદ્યોગપતિ શ્રજીથ નાયર, મૌલિકસિંહ ભટ્ટી, એચ. એમ. રાજા, વગેરેએ જહેમત ઉઠાવી હતી.

ઉદઘાટન સમારોહ પૂર્ણ થયા બાદ જીગીશાબેન રાવલ અને ઊપસ્થિત અન્ય કલાકારો દ્વારા જૂના ફિલ્મી ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.

## બીલખાના બાદલપુર ગામના યુવાનનો ઝેરી દવા પી આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

બીલખાના બાદલપુર ગામે રહેતો યુવાન બળાત્કારના ગુન્હામાં એક વર્ષથી જેલમાં હોય અને સાત દિવસના વચગાળાના જામીન ઉપર આવેલ હોય અને તેની રજા પુરી થતા જેલમાં જવું હોય જેથી પોતાની મેળે સેલફોસનો પાઉડર પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું બીલખા પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બીલખા પોલીસ મથકે બાલાભાઈ ચનાભાઈ બારેયાએ જાહેર કરેલ કે પોતાનો મૃતક પુત્ર મીતુલ(ઉ.વ.૨૭) બળાત્કારના ગુન્હામાં એક વર્ષથી જૂનાગઢ જેલમાં હોય અને સાતના વચગાળાના જામીન ઉપર પોતાના ઘરે આવેલ હોય અને તેની રજા પુરી થતા જેલ જવાનું હોય જેથી પોતાને જેલમાં જવું ન પડે તે માટે પોતે પોતાની મેળે સેલફોસનો પાઉડર પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢના સુખપુર ગામની સીમમાંથી બાઈક અને મોબાઈલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ તાલુકાના સુખપુર ગામની સીમમાંથી મોબાઈલ અને બાઈકની ચોરી અજાણ્યો શખ્સ કરી ગયાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા થાણે તુલસીભાઈ કાબાભાઈ હીરપરાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી અને તેમનો કુટુંબી ભાઈ પોતાની વાડી તા.૨૪-૫-૨૪ના સાંજના સમયે રખોલું કરવા ગયેલ હોય જેમાં તા.૨૫-૧-૨૪ના રાત્રેના ૧ વાગ્યાથી સવારના ૪ વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યો શખ્સ ફરીયાદીની બજાર ડીસ્કવર મોટર સાયકલ નં.જીજે-૧૧-જેજે-૭૦૪૯ કિ.રૂા.૧૫૦૦૦ અને સેમસંગ કંપનીનો એફ ૨૩ ૫જી મોબાઈલ કિ.રૂા.૪ હજાર મળી કુલ ૧૯૦૦૦ની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર - જોષીપુરા, જૂનાગઢની છાત્રાઓ દ્વારા ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે અંતર્ગત વડીલ વંદના કરી



જૂનાગઢ, તા.૧૬

બાળકોનું સંસ્કારયુક્ત ઘડતર સંયુક્ત પરિવારમાં દાદા-દાદીની ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ રીતે થઈ શકે છે. વડીલોના સાનિધ્યમાં બાળકો શરીરમાં તંદુરસ્ત, પોતાની મસ્તીમાં મસ્ત અને સહજ રીતે સદગુણો આત્મસાત કરી સર્વગુણ સંપન્ન બને છે. બાળકોને જીવનનું શિક્ષણ આપતી સંયુક્ત પરિવારની પાઠશાળામાં દાદા-દાદીની વધુ અસરકારક ભૂમિકા હોય છે. હાલનાં મોબાઈલ અને ટેક્નોલૉજીના યુગમાં પરિવારો ખંડિત બની રહ્યાં છે અને મોટી સંખ્યામાં વડીલોને વૃદ્ધાશ્રમમાં આશ્રય લેવાનો કષ્ટદાયક સમય આવ્યો છે, ત્યારે શાળાઓમાં વડીલો માટે સંવાદ સભાનું આયોજન કરવું ખૂબ આવશ્યક બન્યું છે. વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે આપણી પારિવારિક મૂલ્યોની શ્રેષ્ઠ પરંપરાની અનુભૂતિ થાય, વડીલો પ્રત્યે આદરભાવ જાગૃત થાય અને સંસ્કાર ઘડતરની પ્રક્રિયા સતત ચાલતી રહે તેવા હેતુથી માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા "દાદા-દાદી પૂજન અને વ્હાલનો અભિનવ કાર્યક્રમ'' યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વડીલોનું પૂજન, વંદન, આરતી અને વક્તવ્ય જેવી કાર્યસૂચિનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં શાળાની છાત્રાઓ દ્વારા પોતાના પરિવારનાં વડીલોની આદર-સત્કાર સાથે વંદના કરવામાં આવી હતી. આ તકે ઉપસ્થિત વડીલો દ્વારા પોતાની અનુભવવાણી, પરિવાર પ્રત્યેની કર્તવ્યભાવના, પારિવારિક મૂલ્યો અને મૌલિક ફરજો વિશે મનનીય વકતવ્યો રજૂ કર્યા હતાં, જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ લાગણીભાવથી ભાવવિભોર બની હતી. આ તકે સંસ્થાનાં વહીવટી નિયામકશ્રી કે.પી. ગજેરા સાહેબ, હોસ્ટેલ નિયામક આર.વી. રફાળિયા, શાળાના આચાર્ય સુશ્રી જયશ્રીબેન રંગોલિયા, સુપરવાઈઝરો સુશ્રી અલ્પાબેન ડાંગર, એ.સી. સાયેરિયા સહિતના શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં. શાળામાં આવો પાવન કાર્યક્રમ યોજવા બદલ સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા સાહેબ, સહિતના ટ્રસ્ટીઓ, વિદ્યાગુરૂઓ અને શાળા પરિવારે હર્ષની લાગણી સાથે અભિનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા ગરમ ધાબળાઓનું કરાયેલું વિતરણ

## ગિરનારી ગ્રુપની સેવા અનન્ય છે : ડો.અર્જુન બાબરીયા (ટી.એચ.ઓ. કુતીયાણા)



જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, તાજેતરમાં મોડી રાત્રિના સમયે ઠંડા પવનની સાથે ઠંડીનું પ્રમાણ વધવાથી લોકો થરથર ધ્રુજતા હોય છે. એવામાં જુનાગઢ શહેરના બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ભવનાથ, સાબલપુર સહિતના જુદા જુદા વિસ્તારમાં ફરી રસ્તા પર ઠંડીથી હુઠવાતા અને ઝૂંપડામાં રહેતા હોય તેવા લોકોને ઠંડીથી રક્ષણ મળી રહે તેવા શુભ આશયથી ગરમ ધાબળા ઓનું વિતરણ કરીને લોકોને ઠંડીથી બચાવવા માટેનો નાનકડો એવો પ્રયાસ કરવામાં આવેલ હતો. આ સેવા કાર્યમાં ગિરનારી ગ્રુપના સભ્યો સમીરભાઈ દવે, સમીરભાઈ ઉનડકટ, સુધીરભાઈ રાજા, અક્ષિતભાઈ કુબાવત, કશ્યપભાઈ દવે, પરાગભાઈ ભુપ્તા, નમનભાઈ નરસાણા, કિર્તીભાઈ પોપટ, ગૌરવભાઈ પોપટ, હરેશભાઈ કોરિયા, સુરેશભાઈ વાઢીયા, શુભભાઈ વાઢીયા, વેદુભાઈ બારૈયા સહિતના લોકોએ પોતાની સેવાઓ આપેલ હતી. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ (ઈન્ડિયા) લિમિટેડે પ્રતિશેર રૂા. ૪૧૭ના અપર પ્રાઈઝ બેન્ડ ઉપર ૬૮ એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી રૂા. ૧૯૦૦ કરોડ એકત્ર કર્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૬

એક્સિસ કેપિટલ લિમિટેડ, કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, મોર્ગન સ્ટેનલી ઈન્ડિયા કંપની પ્રાઈવેટ લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે.ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટિટયૂટ (ઈન્ડિયા) લિમિટેડે કંપનીના પ્રસ્તાવિત આઈપીઓ પહેલાં પ્રતિ શેર રૂા. ૨ની મૂળ કિંમત સાથે પ્રતિ શેર રૂ. ૪૧૭ના અપર પ્રાઈઝ બેન્ડ (પ્રતિ શેર રૂા. ૪૧૫ પ્રીમિયમ સહિત) ઉપર ૬૮ એક્કર ઈન્વેસ્ટર્સને ૪,૫૫,૭૧,૯૪૨ ઈક્વિટી શેર્સની ફાળવણી કરીને રૂા. ૧,૯૦૦ કરોડ એકત્રિત કર્યા છે.ગવર્નમેન્ટ ઓફ સિંગાપોર, મોનેટરી ઓથોરિટી ઓફ સિંગાપોર, નોમુરા ફંડ આયર્લેન્ડ પબ્લિક લિમિટેડ, અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી, ફિડેલિટી ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ સહિતના અગ્રણી વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ એક્કર ઈન્વેસ્ટર તરીકે કંપનીમાં રોકાણ કર્યું છે.મોતીલાલ ઓસ્વાલ એમએફ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ ફંડ, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ, ક્વાન્ટ એમએફ, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ સહિતના અગ્રણી ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોએ એક્કર ઈન્વેસ્ટર તરીકે કંપનીમાં રોકાણ કર્યું છે.એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવાયેલા ૪,૫૫,૭૧,૯૪૨ ઈક્વિટી શેર્સમાંથી કુલ ૩૩ સ્કીમ દ્વારા અરજી કરનાર ૯ મ્યુચ્યુઅલ ફંડ્સને ૧,૫૨,૨૭,૬૯૫ ઈક્વિટી શેર્સ (એક્કર ઈન્વેસ્ટર્સને કુલ ફાળવણીમાંથી ૩૩.૪૧ ટકા) ફાળવાયા છે. મ્યુચ્યુઅલ ફંડ્સની સ્કીમ-મૂજબની વિગતો નીચે મૂજબ છે.

# ધીરૂભાઈ અંબાણીના જન્મદિને રિલાયન્સ ફાઉન્ડેશનનો નવતર કાર્યક્રમ





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૬

વ્યક્તિના જીવન ઘડતરમાં સૌથી વધુ મહત્વનો સમયગાળો બાળપણનો છે અને આ સમયગાળાનો યોગ્ય ઉપયોગ કરીને બાળકોના જીવનને ઉત્તમ આકાર આપવા સ્વ. ધીરુભાઈ અંબાણીના જન્મદિન નિમિત્તે રિલાયન્સ ફાઉંડેશન દ્વારા 'કહાની- કલા- ખુશી' શિર્ષક તળે એક નવતર કાર્યક્રમ અમલમાં મૂકાયો છે. બાળમાનસ પર પડેલી કોઈ પણ છાપ આજીવન રહેતી હોય છે અને આ ઉંમરે સૌથી વધારે અસર રસપ્રદ રીતે કહેવાતી વાર્તાઓની હોય છે એવું માનસશાસ્ત્રિય રીતે સિધ્ધ થઈ ચુક્યું છે. સોસિઅલ મીડિયાના વર્તમાન યુગમાં બાળકો આવી પ્રેરણાદાયક વાર્તાઓથી વિમુખ થતા જાય છે અને વાલીઓ પણ જાણ્યે- અજાણ્યે આ મહત્વની બાબત તરફ દુર્લક્ષ સેવી રહ્યા છે. રિલાયન્સ ફાઉંડેશન દ્વારા આ હકીકતને ધ્યાનમાં રાખીને શ્રી ધનરાજ નથવાણીના માર્ગદર્શનમાં રિફાઈનરીની આસપાસની ૨૩ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં તા. ૧૨ થી ૨૦ ડીસેમ્બર દરમિયાન વાર્તાકથન અભિયાન હાથ ધરાયું છે. જેમાં ધો. ૫થી ૧૦ના આશરે ૨૭૦૦ કરતાં વધુ બાળકોને લાભ મળશે.

આ અભિયાન દરમ્યાન રિલાયન્સ ઈંડસ્ટ્રીઝના ૪૦૦ જેટલા બાળપ્રેમી સ્વયંસેવકો શાળાએ- શાળાએ જઈને સામાન્ય પરિસ્થિતિમાં જન્મીને પોતાના જીવનમા નેત્રદિપક સિધ્ધિ હાંસલ કરનાર ઉદ્યોગપતિઓ સર્વશ્રી ધીરુભાઈ અંબાણી, ઘનશ્યામદાસ બીરલા, જે.આર.ડી.તાતા, કિરણ મઝુમદાર શો, નારાયણ મૂર્તિ , વૈજ્ઞાનિકો સી.વી. રામન, એ.પી.જે.અબ્દુલ કલામ, હોમીભાભા, શ્રીનિવાસ રામાનુજન, વિક્રમ સારાભાઈ તેમજ રમતવીરો મેરી કોમ, ધ્યાન ચંદ, પી.વી. સિંધુ, લીએંડર પેસ અને સચિન તેંડુલકરના જીવન અને ઉપલબ્ધિઓ વિષે વાર્તા જેવી રસપ્રદ શૈલીમાં વાત કરી રહ્યા છે. આ સ્વયંસેવકોમાં રિફાઈનરીમાં કાર્યરત એંજિનીયરો, અધિકારીઓ અને તેમનાં પત્ની – માતા- પિતા સહિતના કુટુંબીજનો જોડાયા છે. ત્યારબાદ બાળકોને ભેટ આપવામાં આવેલી ડ્રોઈંગ કીટનો ઉપયોગ કરીને તેઓ પોતાના આદર્શ વ્યક્તિત્વ અથવા પોતાના સ્વપ્રની કારકિર્દીનું ચિત્ર દોરે છે. આમ કહાની અને કલાનો સમન્વય કરી ખુશી મેળવે છે, જે આ કાર્યક્રમનો મૂળભૂત હેતુ છે.

કાર્યક્રમના અંતિમ ચરણમાં ઉપરોક્ત તમામ મહાનુભાવોના જીવન – કવન વિશેની સચિત્ર પુસ્તિકાઓના જરુરીયાત મુજબના સેટ શાળાઓને ભેટ આપવામાં આવશે અને બધા જ વિદ્યાર્થીઓ આ તમામ ૧૫ મહાનુભાવોના સંઘર્ષ અને સફળતાથી પરિચિત થઈ પ્રેરણા મેળવે તે પ્રકારનું આયોજન કરાયું છે. રિલાયન્સ દ્વારા ધનરાજ નથવાણીના માર્ગદર્શનમાં નિરંતર થતી શિક્ષણ, આરોગ્ય, રોજગાર, મહિલા ઉત્કર્ષની અનેકવિધ પ્રવૃત્તિઓમાં ઉમેરાયેલ આ પ્રાથમિક શાળા કક્ષાથી જ વ્યક્તિત્વ ઘડતરના આ અભિગમને વાલીઓ, શિક્ષકો અને બાળઉછેર સાથે સંકળાયેલ મહાનુભવો અને સંસ્થાઓ તરફથી વ્યાપક આવકાર મળ્યો છે.

# કચ્છ કોપર રિફાઈનરી ભારતને તાંબાના સપ્લાયમાં આત્મનિર્ભર બનાવશે

## 'કી ટ્રાન્ઝિશન મેટલ' ની આવશ્યકતા પૂરી કરવા અદાણી સમૂહ કાર્યરત

અમદાવાદ, તા.૧૬

અદાણીની કચ્છ કોપર રિફાઈનરી ભારતના વિકાસમાં ખુબ મદદરૂપ થશે. તાજેતરમાં બહાર આવેલી વિગતો મુજબ કચ્છ સ્થિત અદાણીની કોપર રિફાઈનરીસંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચશે ત્યારે ભારત રિફાઈન્ડ કોપરમાં આત્મનિર્ભર બનશે. આ પ્રોજેક્ટ આગામી વર્ષની શરૂઆતમાં પૂર્ણ થવાની ધારણા છે. સરકારના ખાણમંત્રાલયની અખબારી યાદીમાં આ માહિતી બહાર આવી છે.ખાણ મંત્રાલય (MoM)ની અખબારી યાદી મુજબ અદાણીની કચ્છ કોપર રિફાઈનરીએ ઉત્પાદન શરૂ કરી દીધું છે. જો કે, કંપનીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવામાં હજુ થોડો સમય લાગશે. ત્યારબાદ ભારત રિફાઈન્ડ કોપરમાં આત્મનિર્ભર બનશે અને તેને આયાત પર નિર્ભર રહેવું પડશે નહીં. જોકે, જ્યાં સુધી અદાણીની કચ્છ કોપર રિફાઈનરી તૈયાર નહીં થાય ત્યાં સુધી કેટલાક રિફાઈન્ડ કોપરની આયાત કરવાની જરૂર પડશે.ગયા નાણાકીય વર્ષમાં, ભારતે રૂા . ૨૪,૫૫૨ કરોડની કિંમતના આશરે ૩,૬૩,૦૦૦ ટન રિફાઈન્ડ કોપર કેથોડની આયાત કરી હતી, જેમાં જાપાનનો હિસ્સો મૂલ્યની રીતે લગભગ ૬૭% હતો. પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે મૂલ્યની દ્રષ્ટિએ જાપાન દેશની લગભગ ૬૯% રિફાઈન્ડ કોપરની આયાત કરે છે. તાંઝાનિયા ભારતનો બીજો સૌથી મોટો રિફાઈન્ડ કોપર સ્ત્રોત છે, જે લગભગ ૧૮% આયાત પ્રદાન કરે છે. આ પછી મોઝામ્બિક ૫% સાથે બીજા સ્થાને છે. હાલમાં BIS સર્ટિફિકેશન માટે જાપાનીઝ સ્મેલ્ટર્સ પાસેથી સાત અરજીઓ પ્રાપ્ત થઈ છે, જેમાંથી એક સ્મેલ્ટર, સુમિટોમો મેટલ માઈનિંગ કંપનીને પહેલેથી જ લાઈસન્સ આપવામાં આવ્યું છે.હાલમાં, ચાર સ્થાનિક સપ્લાયર્સ છે જેમાં અદાણીની કચ્છ કોપર, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, ગુજરાત વિક્ટરી ફોર્જિંગ પ્રા. અને વેદાંતાનો સમાવેશ થાય છે. તો ચાર વિદેશી સપ્લાયર્સમાં જાપાન અને ઓસ્ટ્રિયાના એક-એક અને મલેશિયાના બેનો સમાવેશ થાય છે. 'કી ટ્રાન્ઝિશન મેટલ' તરીકે ઓળખાતા કોપરની આવશ્યકતા પૂરી કરવા અદાણી સમૂહ સતત કાર્યરત છે. સમગ્ર વિશ્વમાં ઈલેક્ટ્રિક વાહનો (EVs)માં નોંધપાત્ર વૃદ્ધિને કારણે આગામી દાયકામાં ગ્રીન એનર્જી ક્ષેત્રો દ્વારા તાંબાનો વૈશ્વિક વપરાશ પાંચ ગણો થવાનો અંદાજ છે.

તાંબાની અભૂતપૂર્વ માંગ પૂરવઠાને પહોંચી વળવા માટે કચ્છ સ્થિત અદાણી કોપર તેનું ઉત્પાદન કરશે. તે આપણા ઘરો અને વાહનોને પાવર આપવાથી માંડીને વૈશ્વિકસ્તરે આપણને જોડતી ટેકનોલોજીની સુવિધા આપવા સુધીની રોજિંદા જીવનની જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ થશે.

# ખંભાળિયા ખાતે કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાં 'વંચિતો વિકાસની વાટે' કાર્યક્રમ યોજાયો

## સૌરાષ્ટ્ર કચ્છ અને ઉત્તર ઝોન સહિત ૧૯ જિલ્લાઓના કુલ ૩.૫૩ લાખથી વધુ લાભાર્થીઓને કુલ રૂા.૧૭૪.૨૫ કરોડની લોન, સહાય વિતરીત કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૬

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખંભાળિયા ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વિકસતી જાતિ કલ્યાણ અને સમાજ સુરક્ષા પ્રભાગ તેમજ સંલગ્ન નિગમોની યોજનાઓના સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ઝોનના ૧૯ જિલ્લાના લાભાર્થીઓને લોન/સહાય વિતરણનો "વંચિતો વિકાસની વાટે" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ ૧૯ જિલ્લાના ૩,૫૩,૪૦૭ લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ રૂ. ૧૭૪.૨૫ કરોડની લોન/સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમાજમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કામ કઈ રીતે થઈ શકે તે આપણને શીખવાડ્યું છે. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જ વંચિતોનું સશક્તિકરણ કરવાનું તેમણે શરૂ કર્યું હતું. વંચિતોને વિકાસની રાહમાં કઈ રીતે જોડી શકાય એ તેમણે સૌને શીખવાડ્યું છે.

મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ ઉમેર્યું હતું કે, ભગવાન દ્વારકાધીશની ભૂમિ પરથી આજરોજ સૌરાષ્ટ્ર કચ્છ તેમજ ઉત્તર ઝોનના ૧૯ જિલ્લાના ૩.૫૩ લાખ કરતા વધારે લાભાર્થીઓને રૂ.૧૭૪.૨૫ કરોડથી વધુ રકમના લાભ પારદર્શીતા સાથે સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરાવવામાં આવ્યા છે જેના માટે હું ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું. રાજ્યના છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ લાભ પહોંચાડવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સરકાર સતત પ્રયત્નશીલ છે.

વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નાગરિકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ લાભ પહોચાડવામાં આવી રહી છે. વડાપ્રધાનશ્રીના કંડારેલા પથ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર યોજનાકીય લાભો પહોંચાડવા માટે સતત ચિંતા કરી રહ્યા છે. આરોગ્ય, શિક્ષણ, યુવાઓ, મહિલાઓ સહિત તમામ નાગરિકો જીવનધોરણમાં આમૂલ પરિવર્તન લાવવા તેમજ જનસુખાકારી માટે સતત વિકાસલક્ષી કાર્યો કરવામાં આવી રહ્યા છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારે કાર્યક્રમમાં ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી બન્યા ત્યારથી ગુજરાતનો ઝડપી અને તબક્કાવાર વિકાસનો પ્રારંભ થયો, તેમણે દીકરીઓનાં શિક્ષણ ઉપર ભાર આપ્યો તેના પરિણામે ડ્રોપ આઉટ રેશિયો ખૂબ ઘટયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વંચિતોના વિકાસ માટે સંવેદનશીલ અભિગમ અપનાવીને સતત કાર્ય કરી રહ્યાં છે. સરકારની યોજનાઓના સફળ અમલીકરણને લીધે આજે દીકરીઓ વિદેશ અભ્યાસ કરવા જઈ રહી છે, પાઈલોટ બની રહી છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અંતર્ગત વિવિધ નિગમો દ્વારા અપાતી લોન દ્વારા વંચિતો સ્વરોજગાર મેળવીને આત્મનિર્ભર થઈ રહ્યા છે. જિલ્લા પંચાયત પ્રમુખ રિદ્ધિબા જાડેજાએ પ્રાસંગિક ઉદબોધનમાં અત્રેથી અપાનારા વિવિધ યોજનાના લાભોની વિગત આપીને લાભાર્થીઓને શુભેચ્છા આપી હતી. વધુમાં તેઓએ વંચિતોના વિકાસ માટે પ્રતિબદ્ધ કેન્દ્ર અને રાજ્ય સરકારના સક્ષમ અને સંવેદનશીલ નેતૃત્વનો આભાર વ્યક્ત કર્યો હતો. મહાનુભાવોનું સ્વાગત પુષ્પગુચ્છથી કરવામાં આવ્યું હતું. મંત્રીએ રીમોટનું બટન દબાવીને ઈ-તકતીનું અનાવરણ તેમજ લાભો વિતરિત કર્યાં હતાં. લાભાર્થીઓને સહાયનો પ્રતિકાત્મક ચેક દ્વારા લોન/ સહાય વિતરણ મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ "માતા યશોદા એવોર્ડ" પણ વિતરિત કર્યા હતાં.

આદર્શ નિવાસી શાળા વિ.જા., શિવમ કન્યા છાત્રાલય, આહીર કન્યા છાત્રાલયના વિદ્યાર્થીઓ દ્વારા ગરબા, પિરામિડ, નૃત્ય વગેરેની સુંદર સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ શ્રી વિક્રમસિંહ જાદવે સ્વાગત ઉદબોધન કર્યું હતું તેમજ આભારવિધિ જિલ્લા નાયબ નિયામક વિકસતી જાતિ જામનગરના શ્રી એ.કે.પરમાર દ્વારા કરવામાં આવી હતી. આ તકે વિદેશ અભ્યાસ લોન વગેરે યોજનાઓના કેટલાક લાભાર્થીઓના વિડિયો પ્રતિભાવો દર્શાવવામાં આવ્યા હતા. વંચિતો વિકાસની વાટે'' કાર્યક્રમમાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અંતર્ગત પંડીત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન યોજના (બીજા અને ત્રીજા હપ્તા), કોમર્શીયલ પાઈલોટ લોન યોજના, શિષ્યવૃત્તિ (પ્રિ-મેટ્રીક-પોસ્ટ મેટ્રીક પિ.એમ. યશસ્વી), કુવરબાઈનું મામેરૂ યોજના વગેરે અંતર્ગત ૨,૧૮,૮૬૪ લાભાર્થીઓને કુલ રૂ.૬૩.૮૪ કરોડ તથા નિયામક, સમાજ સુરક્ષા હેઠળ સંત સુરદાસ યોજના, બૌધ્ધિક અસમર્થતા ધરાવતા મનોદિવ્યાંગ વ્યક્તિને આર્થિક સહાય, ઈન્દિરા ગાંધી નેશનલ દિવ્યાંગ પેન્શન યોજનાના કુલ ૧,૩૧,૦૨૬ લાભાર્થીઓને રૂા.૧૩.૧ કરોડ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની યોજનાઓના ૧૪૭ લાભાર્થીઓને કુલ રૂા.૪.૧૯ કરોડ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમની યોજનાઓના ૩૩૭ લાભાર્થીઓને કુલ રૂા.૪.૪૭ કરોડ, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમની યોજનાઓના ૨૧૨ લાભાર્થીઓને કુલ રૂા.૨.૯૯ કરોડ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમની યોજનાઓના ૪૪ લાભાર્થીઓને કુલ રૂા.૫૮ લાખ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમની યોજનાઓના ૧૩૪ લાભાર્થીઓને કુલ રૂા.૨.૫૫ કરોડ, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓના ૨૬૪૩ લાભાર્થીઓને કુલ રૂા.૮૨.૫૩ કરોડની લોન/સહાય વિતરિત કરવામાં આવી હતી. ઉપરાંત સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત દર વર્ષે શ્રેષ્ઠ કામગીરી કરતાં આંગણવાડી કાર્યકર, તેડાગર અને મુખ્ય સેવિકાને એનાયત કરવામા આવતા "માતા યશોદા એવોર્ડ" વર્ષ ૨૦૨૧-૨૨ કુલ ૧૫ વિજેતાઓને એનાયત કરવામાં આવ્યો હતો. આમ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની યોજનાઓના સૌરાષ્ટ કચ્છ અને ઉત્તર ગુજરાત ઝોનના ૧૯ જિલ્લાઓના કુલ ૩,૫૩,૪૦૭ લાભાર્થીઓને કુલ રૂા.૧૭૪.૨૫ કરોડની લોન/સહાયનું સીધું ચુકવણું ઓનલાઈન ડી.બી.ટી.ના માધ્યમથી લાભાર્થીઓના બેંક ખાતામાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગીર સોમનાથ જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન મૂછાર, નગરપાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, કલેક્ટર જી.ટી.પંડયા, જિલ્લા વિકાસ અધિકારી એ.બી.પાંડોર, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, અગ્રણી પી.એસ.જાડેજા, રસિક નકુમ, ભરત ગોજિયા, પ્રતાપ પિંડારીયા સહિત પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### તાજેતરમાં ગાંધીનગર ખાતે PMJAY-મા યોજનાની સમીક્ષા બેઠક યોજાઈ

# PMJAYમાં હોસ્પિટલનું રજિસ્ટ્રેશન ફરજિયાત : સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ(SAFU)ની ટીમો તૈયાર કરાશે

## કાર્ડિયોલોજી-ઓન્કોલોજી(કેન્સર)- નિઓનેટલ(બાળરોગ) અંગેની SOP મુદ્દે સમીક્ષા કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ખાતે PMJAY-મા યોજનાની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે પૈસાની લાલચમાં દર્દીઓ સાથે ગેરરીતિ આચરતા લોકો માટે નવીન SOPમાં કોણપણ અવકાશ ન રહે તેનું સંપૂર્ણપણે ધ્યાન રાખવામાં આવ્યું છે. વધુમાં આ યોજના હેઠળ મળતી સારવારને વધુ સરળ, સુગમ્ય અને સમગ્ર વ્યવસ્થાને સુદૃઢ બનાવવાના પ્રયત્નો હાથ ધરાયા છે. PMJAY-મા યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ હોસ્પિટલ્સ માટે કાર્ડિયોલોજી, ઓન્કોલોજી(કેન્સર) અને નિઓનેટલ(બાળરોગ) સારવારની પ્રોસીઝર માટે રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા બનાવવામાં આવેલ નવીન SOP સંદર્ભે સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. જેમાં ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળ પી.એમ.જે.એ.વાય. સંલ્ગન હોસ્પિટલે ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું છે. આરોગ્ય વિભાગ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ કાર્ડિયોલોજી અને કાર્ડિયોવાસ્ક્યુલર સર્જરી માટેની નવીન માર્ગદર્શિકાની પણ દ્વિપક્ષીય વિગતવાર સમીક્ષા કરાઈ હતી. જેમાં સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાંથી હાજર નિષ્ણાંત કાર્ડિયોલોજીસ્ટે પોતાના મત અને પ્રતિભાવ રજૂ કર્યા હતા. તદ્ઉપરાંત ઓંક્રોલોજી એટલે કે કેન્સરની વિવિધ પ્રોસિઝર અને નિયોનેટલ કેર એટલે કે બાળકોની લગતી સારવાર માટેની પણ નવીન માર્ગદર્શિકા બનાવવામાં આવી છે જેમાં પણ નિષ્ણાંત તબીબોના સૂચન લેવામાં આવ્યા હતા. વધુમાં જિલ્લા સ્તરે અને રાજ્ય સ્તરે સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટની અલાયદી ટીમો તૈયાર કરવામાં આવશે. જે એમ્પેન્લ્ડ હોસ્પિટલની ફરિયાદ આધારિત, શંકાસ્પદ કામગીરી સંદર્ભે આકસ્મિક મુલાકાત લઈની જરૂરી કાર્યવાહી હાથ ધરશે. તાજેતરમાં તાત્કાલિક અસરથી કાર્ડિયો પ્રોસિઝરની જાહેર કરાયેલ માર્ગદર્શિકામાં કાર્ડિયોલોજી અને કાર્ડિયોવાસક્યુલર સર્જરીની પ્રોસીઝર માટે હોસ્પિટલે ફરજિયાતપણે સાથે જ બંને સ્પેશયાલિટી લેવાની તથા બંને સ્પેશ્યાલિસ્ટ ફરજિયાતપણે ફુલ ટાઈમ રાખવાની જોગવાઈ કરાઈ છે. કાર્ડિયોની પ્રોસિઝર કરતી હોસ્પિટ્લે એન્જીયોગ્રાફી કે એન્જીયોપ્લાસ્ટી પ્રોસિઝરની CD દર્દીઓને અને SHA/IC/ISAને જમા કરાવવાની રહેશે. વધુમાં આ CD પોર્ટલ ઉપર પણ અપલોડ થાય તે માટેની પણ વ્યવસ્થા હાથ ધરવા મંત્રીએ સૂચન કર્યું હતું. યોજના સાથે સંલગ્ન હોસ્પિટ્લ ઉપરની માર્ગદર્શિકા મુજબ બંને સ્પેશ્યાલિટી સાથે સંલગ્ન ના થઈ શકે તેવા સંજોગોમાં લાભાર્થીઓની ઈમરજન્સી સારવાર માટે પ્રાથમિક એન્જીયોપ્લાસ્ટી પ્રોસિઝર કરવા માટેની જ માન્યતા આપવામાં આવશે. આ ઉપરાંત મેનપાવર, સાધનસામગ્રી અને જરૂરી લાયસન્સ તેમજ સર્ટીફિકેશન, ક્લિનિકલ પ્રોસીઝર જેવી બાબતો પણ આ નવીન માર્ગદર્શિકામાં સામેલ કરવામાં આવી છે. જે બાબતે સરકાર અને ખાનગી હોસ્પિટલના નિષ્ણાંત તબીબોની વિગતવાર ચર્ચા-પરામર્શ કરવામાં આવી હતી. હાલ કાર્ડિયોલોજી પ્રોસિઝર સંદર્ભે તાત્કાલિક અસરથી જાહેર કરાયેલ માર્ગદર્શિકામાં આ બેઠકમાં મળેલા કેટલાક




મહત્વના અને યોગ્ય સૂચન ઉમેરવા માટે મંત્રીશ્રી એ સૂચના આપી છે. તદ્ઉપરાંત ઓક્રોલોજીની રેડિયોથેરાપી સારવાર માટે પણ નિયત કરેલી મશીન અને સારવાર પદ્ધતિ હોય તેવા જ સેન્ટરને આ યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ રાખવા માટેની દિશામાં પ્રયત્નો હાથ ધરાયા છે. IGRT (ઈમેજ ગાઈડેડ રેડિએશન થેરાપી) માટે CBCT(કોન બીમ કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી સિસ્ટમ) કરવા માટેની ઈમેજ KV(કિલો વોટ)માં જ લેવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. વધુમાં આ થેરાપી ક્યા કયા ટ્યુમરમાં કરી શકાશે તેની પણ વિગતવાર ગાઈડલાઈન બનાવવામાં આવી રહી છે. કેન્સરની કેટલીક ટ્રિટમેન્ટ માટે ટ્યુમર બોર્ડનું સર્ટિફિકેટ પણ ફરજિયાત કરવામાં આવશે. જેના માટે SHA દ્વારા ઓનલાઈન પોર્ટલ વિકસાવવામાં આવશે. નિઓનેટલ કેર અને ખાસ કરીને બાળકોને આઈ.સી.યુ.માં આપવામાં આવતી સારવાર માટેની પણ નવીન માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. જેમાં NICU/SNCU જેવી સારવાર માટે ફરજિયાત પણે સી.સી.ટી.વી. ઈન્સટોલેશન સહિતના વિવિધ મુદ્દાઓ આવરી લઈને ગેરરીતીને કોઈપણ અવકાશ ન રહે તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. કાર્ડિયોલોજી, ઓક્રોલોજી અને નિયોનેટલ કેર માટેની માર્ગદર્શિકા સંદર્ભે થયેલ દ્વિપક્ષીય ચર્ચા બાદ કેટલાક મુદ્દાઓ ઉમેરીને ટૂંક સમયમાં તમામ નવી SOP જાહેર કરવામાં આવશે. વધુમાં પી.એમ.જે.એ.વાય. અંતર્ગત એમ્પેન્લ્ડ હોસ્પિટલ અને ટ્રીટમેન્ટ સંલગન માહિતી લોકોને સહેલાઈથી મળી રહે, હોસ્પિટલ્સમાં પેકેજ અને પ્રોસિઝરના સાઈનેજીસ લાગે તે માટેની પણ સૂચના આરોગ્યમંત્રી દ્વારા આપવામાં આવી છે.

# ચૂંટણીમાં મતદાનમાં વધારો થવાથી ભાજપને તેનો લાભ થયો હતો : મુખ્યમંત્રી ફડણવીસ

નવી દિલ્હી, તા.૧૬

મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીમાં મતદાનમાં પાંચ ટકાનો વધારો થતાં આ સંપૂર્ણપણે ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનને લાભ થયો હતો. ઈન્ડિયા ઈકોનોમિક કોન્ક્લેવમાં ફડણવીસે કહ્યું કે, કોંગ્રેસ, શરદ પવારની એનસીપી અને શિવસેના-યુબીટીની મહા વિકાસ અઘાડી (એમવીએ)નું પ્રદર્શન લોકસભા ચૂંટણીમાં સારૂં હતું જ્યારે તેમને ૪૩.૯ ટકા મળ્યા હતા. તેમણે કહ્યું કે, MVA અને ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ વચ્ચેનો તફાવત માત્ર ૦.૩ ટકા હતો. તેઓએ વિભાજનકારી રાજનીતિ, તુષ્ટિકરણની રાજનીતિ અને બનાવટી કથા દ્વારા પોતાનું સર્વશ્રેષ્ઠ સિદ્ધિ હાંસલ કરી હતી. મતોમાં આ વધારો તેની પ્રતિક્રિયા હતી. ભાજપ-શિવસેના-એનસીપી મહાયુતિ ગઠબંધને ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ૨૩૫ બેઠકો જીતી લીધી હતી, વિપક્ષી મહા વિકાસ અઘાડીને ૪૬ બેઠકો મળી હતી. મહાયુતિએ મે મહિનામાં લોકસભાની ચૂંટણીમાં રાજ્યની ૪૮ બેઠકોમાંથી ૩૧ બેઠકો જીતી હતી. ફડણવીસે કહ્યું કે, લોકોને લાગ્યું કે મોદીજી સાથે અન્યાય થયો છે. આ પાંચ ટકા વોટનો ઉછાળો લગભગ સંપૂર્ણ રીતે ભાજપને મળ્યો. મહારાષ્ટ્ર જેવા રાજ્યમાં જો મતમાં પાંચ ટકાનો વધારો થાય છે, તો તે જબરજસ્ત વિજય તરફ દોરી જાય છે. લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં ૬૧.૫ ટકા મતદાન નોંધાયું હતું. નવેમ્બરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં રેકોર્ડ ૬૬.૧૧ ટકા મતદાન થયું હતું. ફડણવીસે કહ્યું હતું કે, 'અરાજકતાવાદી કથા'નો સામનો કરવા માટે રાષ્ટ્રવાદી સંગઠનોનું કાર્ય, વિપક્ષ સ્ફછની તરફેણમાં 'વોટ જેહાદ' કોલની પ્રતિક્રિયા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એકતામાં સુરક્ષાના સંદેશાએ વિધાનસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનની પ્રચંડ જીતમાં ફાળો આપ્યો છે. ફડણવીસે કહ્યું કે, ભાજપ મહારાષ્ટ્રમાં જંગી જીત મેળવવામાં સફળ રહી કારણ કે, તે લોકસભાની ચૂંટણી દરમ્યાન વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવેલા 'બનાવટી વાર્તા'નો સામનો કરવામાં સફળ રહી હતી. આ બનાવટી વાર્તા કોઈ એક પક્ષ દ્વારા બનાવવામાં આવી નથી. રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાએ લોકોના મનમાં નકલી વાર્તા બનાવી છે. અમે રાષ્ટ્રવાદી દળો સાથે વાત કરી અને તેમનો સામનો કરવા વિનંતી કરી હતી. ફડણવીસે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી ઉપર પ્રહાર કરતા દાવો કર્યો હતો કે, તેઓ અતિ-ડાબેરી અને અરાજકતાવાદી દળોના નેતા છે જેઓ દેશની પ્રગતિ તરફની કૂચને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ફડણવીસે જણાવ્યું હતું કે, ચૂંટણી પ્રચાર દરમ્યાન 'મતોના ધર્મયુદ્ધ' માટેની તેમની હાકલ એ મુસ્લિમો સામે રમખાણો માટે દાખલ કરાયેલા કેસોને રદ કરવાની ઉલેમા બોર્ડની માંગને વિપક્ષ એમવીએના સમર્થન અને RSS ઉપર પ્રતિબંધ મૂકવાની હાકલનો વિરોધ હતો. તેમણે કહ્યું કે, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના સભ્ય સજ્જાદ નોમાનીએ પણ MVAની તરફેણમાં 'વોટ જેહાદ' માટે આહ્વાન કરતી વીડિયો અપીલ જારી કરી હતી. ફડણવીસે કહ્યું કે, આપણા વડાપ્રધાને સંદેશ આપ્યો કે, વિપક્ષ સમાજને વિભાજિત કરવાનો પ્રયાસ કરી રહ્યો છે અને (એક હૈં તો સલામત હૈં) અને આ મંત્ર અમારા કામમાં આવ્યો હતો.

# EPFO સબસ્ક્રાઈબર્સ માટે સારા સમાચાર : ૨૦૨૫માં તમે તમારા PFના પૈસા સીધા ATMમાંથી ઉપાડી શકશો




(એજન્સી) તા.૧૬

શું એટીએમમાંથી પ્રોવિડન્ટ ફંડ ઉપાડી શકાશે ? શ્રમ મંત્રાલય તેના આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરી રહ્યું છે, જેનો ઉદ્દેશ્ય ૨૦૨૫ સુધીમાં એટીએમમાંથી સીધા ભવિષ્ય નિધિ ઉપાડને સક્ષમ કરવાનો છે. આ પહેલ ૭ કરોડથી વધુ સક્રિય EPFO યોગદાનકર્તાઓ માટે ઍક્સેસને સરળ બનાવશે. EPFO સભ્યો પાસે એટીએમ દ્વારા તેમના પ્રોવિડન્ટ ફંડને ઍક્સેસ કરવાની ક્ષમતા હશે. ૨૦૨૫માં તમે તમારા ભવિષ્ય નિધિ નાણાં સીધા એટીએમમાંથી ઉપાડી શકશો. શ્રમ મંત્રાલય દેશના નોંધપાત્ર વર્કફોર્સને વધુ સારી સેવાઓ પહોંચાડવા માટે તેની માહિતી ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવી રહ્યું છે. શ્રમ સચિવ સુમિતાદવરાએ જણાવ્યું હતું કે, EPFO સભ્યો આગામી વર્ષથી એટીએમ મશીનો દ્વારા તેમના પ્રોવિડન્ટ ફંડને ઍક્સેસ કરવાની ક્ષમતા ધરાવશે. શ્રમ સચિવે જણાવ્યું હતું કે, અમે દાવાઓને ઝડપથી પતાવટ કરી રહ્યા છીએ અને સરળતા માટે પ્રક્રિયાને સરળ બનાવવા માટે કામ કરી રહ્યા છીએ. દાવેદાર, લાભાર્થી અથવા વીમાધારક વ્યક્તિ ઓછામાં ઓછા માનવ હસ્તક્ષેપ સાથે ATM દ્વારા તેમના દાવાઓને સરળતાથી ઍક્સેસ કરી શકશે. એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન હાલમાં ૭ કરોડથી વધુ સક્રિય યોગદાનકર્તાઓને સેવા આપે છે. આ સિસ્ટમ્સ વિકસિત થઈ રહી છે અને દર બેથી ત્રણ મહિને તેમાં નોંધપાત્ર સુધારાઓ થશે. હું માનું છું કે જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં તેમાં મોટો સુધારો થશે. શ્રમ સચિવે નાગરિકોની સુવિધામાં સુધારો કરવા માટે EPFO સેવાઓને મજબૂત કરવા સરકારની પહેલો અંગે કહ્યું કે, આ મુદ્દે ઘણું કામ કરવામાં આવ્યું છે અને અમે એક યોજનાની રૂપરેખા આપી છે જે હવે અંતિમ પ્રક્રિયામાં છે. આ સૂચિત લાભોમાં સ્વાસ્થ્ય કવરેજ, ભવિષ્ય નિધિ અને અપંગતા સહાયનો સમાવેશ થઈ શકે છે. ગીગ અને પ્લેટફોર્મ કામદારોની સામાજિક સુરક્ષા અને કલ્યાણ લાભો માટે એક માળખું વિકસાવવા માટે વિવિધ હિતધારકોના પ્રતિનિધિઓ સાથેની એક સમર્પિત સમિતિની રચના કરવામાં આવી છે. સંસદ દ્વારા પસાર કરાયેલ સામાજિક સુરક્ષા પરની સંહિતા ૨૦૨૦, ગીગ અને પ્લેટફોર્મ કામદારોની પ્રથમ ઔપચારિક વ્યાખ્યા રજૂ કરવામાં આવી હતી, જેમાં તેમના કલ્યાણ અને સામાજિક સુરક્ષા માટેની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. રોજગારના આંકડાઓ અંગે શ્રમ સચિવે બેરોજગારીના આંકડામાં હકારાત્મક વલણોની નોંધ લીધી હતી. ૨૦૧૭માં બેરોજગારીનો દર છ ટકા હતો. આજે તે ઘટીને ૩.૨ ટકા થયો છે. તેમણે કહ્યું કે, અમારૂં કાર્યબળ વધી રહ્યું છે. લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ વધી રહ્યો છે અને વર્કર પાર્ટિસિપેશન રેશિયો દર્શાવે છે કે કેટલા લોકો ખરેખર રોજગારી મેળવે છે, તે દર ૫૮ ટકા સુધી પહોંચી ગયો છે અને સતત વધી રહ્યો છે.

## ભારતીય અદાલતોમાં પાંચ કરોડથી વધુ કેસ પેન્ડિંગ : કેન્દ્રીય કાયદા મંત્રી

(એજન્સી) તા.૧૬

નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ (NJDG) અનુસાર ૩૦ નવેમ્બર સુધીમાં ભારતીય અદાલતોમાં કુલ ૫.૧૫ કરોડ કેસ પેન્ડિંગ છે. જેમાં સુપ્રીમ કોર્ટમાં ૮૨,૧૭૧ કેસ, હાઈકોર્ટમાં ૫૭.૮૨ લાખ કેસ અને જિલ્લા અને સબઓર્ડિનેટ કોર્ટમાં ૪.૫૬ કરોડ કેસ સામેલ છે. કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અર્જુનરામ મેઘવાલે આ માહિતી આપી હતી. તેમણે ૧૨ ડિસેમ્બરે સંસદને માહિતી આપી હતી કે, અદાલતોમાં પેન્ડિંગ કેસોને ભૌતિક માળખાકીય સુવિધાઓ અને સહાયક કોર્ટ સ્ટાફની ઉપલબ્ધતા, સામેલ તથ્યોની જટિલતા, પુરાવાની પ્રકૃતિ, બાર સહિતના ઘણા પરિબળોને આભારી હોઈ શકે છે. આમાં તપાસ એજન્સીઓ, સાક્ષીઓ અને દાવેદારો જેવા હિતધારકોનો સહકાર અને નિયમો અને પ્રક્રિયાઓની યોગ્ય અરજીનો સમાવેશ થાય છે. રાજ્ય મંત્રીએ કહ્યું, કેસોના નિકાલમાં વિલંબના અન્ય કારણોમાં વિવિધ પ્રકારના કેસોના નિકાલ માટે સંબંધિત અદાલતો દ્વારા નિર્ધારિત સમયમર્યાદાનો અભાવ, વારંવાર સ્થગિત થવું અને કેસોની દેખરેખ, ટ્રેક અને સુનાવણી માટે એક જૂથની રચનાનો સમાવેશ થાય છે. ન્યાયાધીશ-વસ્તીનો ગુણોત્તર રાજ્ય મંત્રીએ ગૃહને જણાવ્યું હતું કે, ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ વસ્તીના આધારે, જે ૧૨૧૦.૧૯ મિલિયન હતી અને સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ અને જિલ્લા અને ગૌણ અદાલતોમાં ન્યાયાધીશોની મંજૂર સંખ્યા અંગેની માહિતી ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૪ મુજબ દેશમાં ન્યાયાધીશ-વસ્તીનો ગુણોત્તર ૧૦ લાખ વસ્તી દીઠ આશરે ૨૧ ન્યાયાધીશો છે. ઉચ્ચ અદાલતોમાં ન્યાયાધીશોની નિમણૂકની વિગતો આપતાં રાજ્ય મંત્રી મેઘવાલે કહ્યું, ૨૦૨૪માં નવી નિમણૂકોની સંખ્યા ૩૪ હતી.

## બાઈડેને અમેરિકામાં એક જ દિવસમાં સૌથી મોટી માફી આપી, ૧૫૦૦ ગુનેગારોની સજા ઘટાડી

(એજન્સી) તા.૧૬

અમેરિકન પ્રમુખ જો બાઈડેને કોરોના વાયરસ રોગચાળા દરમ્યાન જેલમાંથી મુક્ત થયેલા લગભગ ૧૫૦૦ કેદીઓની સજામાં ફેરફાર કર્યો અને અહિંસક ગુનાઓમાં દોષિત ૩૯ અમેરિકનોને માફી આપી. આધુનિક ઈતિહાસમાં એક જ દિવસમાં લેવાયેલી આ સૌથી મોટી માફીની કાર્યવાહી છે. બાઈડેને હાલમાં જ સજા ઘટાડવાની જાહેરાત કરી હતી અને આ આદેશ એવા લોકોને લાગુ પડશે જેમણે તેમની મુક્તિ પછી ઓછામાં ઓછા એક વર્ષ સુધીની ધરપકડ કરી હોય. એસોસિએટેડ પ્રેસને ઉપલબ્ધ માહિતી અનુસાર જેલમાં વાયરસ ફેલાવાનું જોખમ ઊંચું હતું અને વાયરસના ફેલાવાને રોકવા માટે કેટલાક કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હતા અને તેમને નજરકેદમાં રાખવામાં આવ્યા હતા. એક સમય હતો જ્યારે પાંચમાંથી એક કેદીને કોરોના વાયરસ હતો. બાઈડેને કહ્યું કે, તે આગામી અઠવાડિયામાં વધુ પગલાં લેશે અને માફીની અરજીઓની સમીક્ષા કરવાનું ચાલુ રાખશે. બાઈડેને એક નિવેદનમાં કહ્યું કે, અમેરિકન ઈતિહાસમાં બીજી સૌથી મોટી માફીની કાર્યવાહી બરાક ઓબામાના વહીવટ દરમ્યાન થઈ હતી. ઓબામાએ ૨૦૧૭માં ૩૩૦ આરોપીઓને માફ કર્યા હતા. અમેરિકા તક અને બીજી તકો ઉપર બાંધવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ તરીકે મને એવા લોકો પ્રત્યે દયા બતાવવાનો વિશેષાધિકાર મળ્યો છે જેમણે પસ્તાવો કર્યો છે અને પુનર્વસનની ક્ષમતા છે,' તેમ તેમણે કહ્યું હતું.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં કોલ્ડવેવની અસર : તાપમાનનો પારો ૧૦ ડિગ્રીથી નીચે જતા લોકો દિવસે પણ ધ્રૂજ્યા



અમદાવાદ, તા.૧૬

રાજ્યમાં સૌથી વધુ ઠંડી વધુ એકવાર નલિયામાં રેકોર્ડ થઈ છે. ૭.૮ ડિગ્રી તાપમાન નોંધાતા લોકો ઠૂઠવાયા હતા. બીજી બાજુ સૌરાષ્ટ્ર-કચ્છમાં કોલ્ડવેવની અસરના પગલે રાજકોટ અને કચ્છ જિલ્લામાં તાપમાનનો પારો ૧૦ ડિગ્રી નીચે ચાલ્યો ગયો છે. અમદાવાદ, વડોદરા, ભાવનગર જૂનાગઢ તથા સુરત સહિતના શહેરોમાં પણ લોકોએ કડકડતી ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે. ઠંડીથી બચવા લોકો ગરમ કપડા અને તાપણાનો સહારો લેતા જોવા મળ્યા હતા. ઉત્તર ભારતમાં હિમવર્ષા થઈ રહી છે. ઉત્તર તરફથી સીધા જ પવનો ફૂંકાઈ રહ્યા હોવાના કારણે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં કડકડતી ઠંડી પડી રહી છે. આ જિલ્લાઓમાં આગામી દિવસોમાં પણ ઠંડીનું જોર યથાવત રહેશે. હવામાન વિભાગ દ્વારા રાજકોટ અને કચ્છમાં કોલ્ડેવેવની આગાહી કરવામાં આવી છે. જેના કારણે આ બંને જિલ્લામાં તાપમાનનો પારો ૧૦ ડિગ્રીની નીચે પહોંચી રહ્યો છે. રાજયના ઘણા શહેરોમાં ચાલુ સિઝનમાં સૌથી ઓછું ૯.૧ ડિગ્રી તાપમાન નોંધાતા લોકો દિવસે પણ ધ્રુજી ઉઠ્યા હતા. હવામાન નિષ્ણાંતે જણાવ્યું હતું કે, રાજયમાં જે પ્રકારે સતત બે દિવસથી કોલ્ડવેવની અસર વર્તાઈ રહી છે તેનું મુખ્ય કારણ છે કે, હાલમાં સૌરાષ્ટ્ર કચ્છના ભાગો ઉપર ઉત્તર દિશા તરફથી સીધા પવનો આવી રહ્યા છે. સામાન્ય રીતે પવન ઘડીયાળની ઉલટી દિશામાં ફરીને ઉત્તરથી ગુજરાત તરફ આવતા હોય છે પરંતુ હાલમાં પવનની દિશા સીધી ઉત્તર તરફથી આવી રહી છે અને ઉત્તર ભારતમાં હાલમાં હિમવર્ષા થઈ રહી છે જેથી હિમવર્ષાના ૪૮ કલાકમાં ગુજરાત સુધી તેની ઠંડીની અસરો આવે છે. ત્યારે સતત ચારથી પાંચ દિવસથી જે પ્રકારે ઉત્તર ભારતમાં હિમવર્ષા થઈ રહી છે તેના સીધા પવનો ગુજરાત તરફ આવે છે અને ખાસ કરીને કચ્છ રાજકોટ, જૂનાગઢ, અમરેલી સહિતના જિલ્લાઓમાં આ સીધા પવનોની અસરને કારણે ઠંડીનું પ્રમાણ વધ્યું છે હજુ પણ આગામી દિવસોમાં પણ ઠંડીનું જોર યથાવત રહેવાની શક્યતાઓ છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર આગામી ૨૪ કલાક માટે સૌરાષ્ટ્રમાં કોલ્ડવેવનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. એટલે કે હજુ આગામી સમયમાં ઠંડી ધ્રુજાવી દેશે. આ ઉપરાંત જિલ્લાઓમાં ઉત્તર દિશા તરફથી પવનો ફુકાતા હોવાથી ત્યાં ઠંડીનું પ્રમાણ વધુ નોંધાયું છે. તથા ગુજરાત રાજયમાં હાલમાં આગામી પાંચ દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની સાથે ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવનો ફુકાશે જેથી ઠંડીનું પ્રમાણ યથાવત રહેવાની શક્યતાઓ છે. આ ઉપરાંત મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત તથા દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૫ થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુકાશે.

# ગુજકેટ માટે ૧૭થી ૩૧ ડિસેમ્બર દરમ્યાન ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

અમદાવાદ, તા.૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી ફાર્મસી, ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ-A ગ્રુપ-B અને ગ્રુપ-ABના ઉમેદવારો માટે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટેની માહિતી પુસ્તિકા અને ઉમેદવારોના ઓનલાઈન આવેદનપત્રો ભરવાની સૂચનાઓ બોર્ડની વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે. ગુજકેટ- ૨૦૨૫ માટે વિદ્યાર્થીઓના ઓનલાઈન આવેદનપત્રો બોર્ડની વેબસાઈટ ઉપરથી ૧૭ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમ્યાન ભરી શકાશે. ગુજકેટની પરીક્ષા ફી રૂા.૩૫૦ નક્કી કરવામાં આવી છે, જે ઓનલાઈન અથવા તો બ્રાંચ પેમેન્ટના ઓપ્શન દ્વારા કોઈ પણબ્રાંચમાંથી ભરી શકાશે. ફી ભર્યા બાદ સંપૂર્ણ આવેદનપત્ર ફરજિયાત ભરવાનું રહેશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઈજનેરી - ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજકેટ ૨૩ માર્ચના રોજ લેવાનો નિર્ણય કરાયો છે. ૧૭ માર્ચના રોજ શિક્ષણ બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ ૨૩ માર્ચના રોજ ગુજકેટ લેવામાં આવશે. ગુજકેટ આ વખતે પણ જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે જ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# ગત વર્ષે રાજ્ય સરકાર દ્વારા માત્ર ઊર્જા સંરક્ષણ માટે રૂા.૯ કરોડથી વધુનો ખર્ચ કરાયો

## આવનારી પેઢીના ભવિષ્યની જરૂરિયાતોને અનુલક્ષીને ઊર્જાનું સંરક્ષણ ખૂબ જરૂરી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૬

આજે જીવનના દરેક ક્ષેત્રે વીજળીનું અપાર મહત્વ રહેલું છે. સમગ્ર વિશ્વમાં કાર્યરત ફેકટરીઓ, મશીનો, ઓટોમોબાઈલ, દવા, સિમેન્ટ જેવા વિવિધ ઉદ્યોગો ચલાવવા માટે ઊર્જા એ સૌથી મહત્વપૂર્ણ માધ્યમ છે. વિશ્વમાં દર વર્ષે વધતી જનસંખ્યા સાથે વિવિધ ઉદ્યોગોનો પણ વિકાસ થઈ રહ્યો છે, જેને ચલાવવા માટે દિન પ્રતિદિન ઊર્જાની માંગ વધી રહી છે. કોલસો, ઈંધણ, ક્રૂડ ઓઈલ, કુદરતી ગેસ જેવા વિવિધ સ્રોત દ્વારા ઊર્જા ઉપલબ્ધ થાય છે, પરંતુ દિન-પ્રતિદિન આ સ્રોતની માંગ વધતા કુદરતી સંસાધનોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આપણી આવનારી પેઢીના ભવિષ્યની જરૂરિયાતોને અનુલક્ષીને ઊર્જાનું સંરક્ષણ કરવું ખૂબ જરૂરી બની રહે છે. જે અંતર્ગત દેશમાં ઊર્જા સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા ભારત સરકારના પાવર મંત્રાલય હેઠળની બંધારણીય સંસ્થા બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (બીઈઈ) દ્વારા દર વર્ષે ૧૪મી ડિસેમ્બરના રોજ "રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની સંલગ્ન વીજ કંપનીઓ દ્વારા ઊર્જા સંરક્ષણ અંગે લોક જાગૃતિ માટે અંદાજે રૂા. ૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે જનરેશન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન સેકટરમાં સંલગ્ન વીજ કંપનીઓની ઓફિસ બિલ્ડીંગોમાં ફાઈવ સ્ટાર રેટેડ એર કંડિશનર્સ, પાણીના મોટર પંપ સેટ, BLDC પંખા, LED બલ્બ જેવા વિવિધ ઊર્જા-કાર્યક્ષમ સાધનો લગાવવા તથા અન્ય કામગીરી માટે અંદાજે રૂા.૪ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો હતો. વધુમાં રાજય સરકાર દ્વારા ઊર્જાનું મહત્તમ સંરક્ષણ થાય તે માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજે રૂા.૨૪ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવશે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં સુચારૂ વહીવટ માટે ગુજરાત વિદ્યુત બોર્ડનું તા.૦૧ એપ્રિલ ૨૦૦૫થી જુદી જુદી સાત કંપનીઓમાં વિભાજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વીજ ઉત્પાદનની કામગીરી માટે "ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ-GSECL", વીજ પ્રવાહનની કામગીરી માટે "ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ-GETCO", વીજ

## વીજળીના કાર્યક્ષમ ઉપયોગથી વીજળીની બચત સાથે નાણાનો પણ થશે બચાવ : ISI માર્કા અને સ્ટાર રેટિંગવાળા ઉપકરણોનો ઉપયોગ થકી બચાવી શકાય વીજળી : ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રેલીઓ, પરિસંવાદો, શેરી નાટકો, રેડિયો, ટીવી જેવા વિવિધ માધ્યમો દ્વારા લોક જાગૃતિના કાર્યક્રમો યોજાશે

વિતરણની કામગીરી માટે "ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ-UGVCL", "મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ-MGVCL", "દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ-DGVCL", "પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ-PGVCL" તથા ઉપરોક્ત છ કંપનીઓની સંકલનની કામગીરી માટે "ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ-GUVNL" ની સ્થાપના કરવામાં આવી હતી. "રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ" નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શનમાં ઊર્જા વિભાગ દ્વારા ઊર્જા સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે રાજયભરમાં ડિસેમ્બર માસમાં ઊર્જા સંરક્ષણ અને ઊર્જા કાર્યક્ષમતા અંગેની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત નાગરિકોને ઊર્જા-કાર્યક્ષમ ઉપકરણો અને ઊર્જા-બચત પદ્ધતિઓના ઉપયોગ અંગે માહિતગાર કરવામાં આવે છે. આ ઉપરાંત જિલ્લા અને તાલુકા સ્તરે રેલીઓ, પરિસંવાદો અને શેરી નાટકોનું આયોજન, ગ્રામસભાઓ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં જાગૃતિ કાર્યક્રમો, એસટી બસો, ઓટો-રિક્ષાઓ, સ્થાનિક ટીવી, કેબલ, રેડિયો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ ઉપર ઊર્જા સંરક્ષણની જાહેરાત, શાળાઓ અને કોલેજોમાં ક્વિઝ, ડ્રોઈંગ અને સ્લોગન સ્પર્ધાઓ જેવી પ્રવૃત્તિઓ સાથે જાગૃતિ અભિયાન, રહેણાંક, વાણિજ્યિક અને ઔદ્યોગિક ઝોનમાં પ્રિન્ટેડ સામગ્રીનું વિતરણ, ઉદ્યાનો, બજારો, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન અને GIDC જેવા જાહેર વિસ્તારોમાં બેનરો, હોર્ડિંગ્સ અને ફ્લાયર્સ દ્વારા ઊર્જા સંરક્ષણ વિશે નાગરિકોને જાગૃત કરવામાં આવે છે.

**વીજળી બચાવવા માટે આપણી ભૂમિકા**

રાજય સરકારના ઊર્જા વિભાગ દ્વારા સરકારની સાથે નાગરિકોએ પણ પૃથ્વી ઉપરની અમૂલ્ય સંપત્તિ એવી ઊર્જાને બચાવવાના પ્રયાસોમાં સહભાગી થવા કેટલાક સૂચનો કરવામાં આવ્યા છે. જેમ કે, મકાનમાં આછા રંગની દિવાલો અને ફર્નિચરનો ઉપયોગ કરવો, શકય હોય ત્યારે કુદરતી પ્રકાશનો ઉપયોગ કરવો, ઈમારતોની ડિઝાઈન એવી બનાવવી કે દરવાજા અને બારીઓ દ્વારા કુદરતી પ્રકાશ તેમજ હવાનો મહત્તમ ઉપયોગ થાય, સામાન્ય લાઈટિંગને બદલે ચોકકસ જગ્યાએ ટાસ્ક લાઈટિંગનો ઉપયોગ કરવો, ISI માર્કા અને સ્ટાર રેટિંગવાળા ઉપકરણોનો ઉપયોગ, સૌર પેનલ્સ ઈન્સ્ટોલ કરી વીજ ગ્રાહક સાથે વીજ ઉત્પાદક બનવું, ઉપયોગ ન કરતા હોય ત્યારે લાઈટ અને ઉપકરણોને બંધ કરવાની સતત ટેવ રાખવી, પાણીને ગરમ કરવા માટે ઈલેક્ટ્રીક વોટર હીટરના બદલે સોલાર વોટર હીટરનો ઉપયોગ કરવો જોઈએ તથા નાગરિકોમાં પ્રોત્સાહન માટે તમારા દ્વારા કરવામાં આવેલી ઊર્જા બચતની માહિતી કુટુંબીજનો, મિત્રો અને પડોશીઓ સાથે શેર કરવી જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ડિસેમ્બર માસમાં તમામ વીજ કંપનીઓ દ્વારા ગ્રાહકોને સક્રિય રીતે જોડવા તેમજ અસરકારક અને સ્માર્ટ વીજળીના વપરાશને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર મહિના દરમિયાન વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. જે અંતર્ગત ઊર્જા સંરક્ષણ માટે આ માસ દરમ્યાન રેડિયો, સ્થાનિક ટીવી ચેનલ, અખબારો અને સોશિયલ મીડિયામાં જાહેરાતો દ્વારા વિવિધ માહિતી પ્રકાશિત કરવામાં આવી હતી. તે ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ, વિવિધ ઔદ્યોગિક સંગઠનો, જાહેર પરિવહનના માધ્યમો, શેરી નાટકો, જાહેર મેળાવડાના વિસ્તારો અને મુખ્ય બજારો જેવા મુખ્ય સ્થળોએ હોર્ડિંગ્સ અને બેનર્સ તેમજ વૃક્ષારોપણ જેવી વિવિધ પ્રવૃત્તિઓ થકી નાગરિકોને જાગૃત કરવામાં આવ્યા હતા, તેમ ઊર્જા વિભાગની યાદીમાં જણાવ્યું છે.

# ગુજરાતમાં સૌ પ્રથમ વખત વડોદરાના મૂની સેવાશ્રમમાં કેન્સરના દર્દીઓને મળશે કાર - ટી સેલ થેરાપી



**પૂ. અનુબેનની પુણ્યતિથિના દિવસે કાર - ટી સેલ થેરાપીનો થશે પ્રારંભ, રૂ.૧૨ કરોડના ખર્ચથી તૈયાર કરાઇ લેબોરેટરી : કર્કરોગી દર્દીના ટી સેલને જીનેટકલી રિપ્રોગ્રામિંગ કરી તેને કેન્સરના કોષોનો પ્રતિકાર કરવા ઇન્જેક્ટ કરાશે**

(પ્રતિનિધિ દ્વારા)

વડોદરા તા.૧૬

વડોદરાના જાણીતા આધ્યાત્મિક વિભૂતિ અને સમાજ સેવિકા પૂ. અનુબેનની પ્રેરણાથી સેવારત ગોરજ સ્થિત મૂની સેવાશ્રમની કેન્સર હોસ્પિટલમાં કર્કરોગગ્રસ્ત દર્દીઓ માટે ગુજરાતમાં પ્રથમ કાર - ટી સેલ થેરાપીની સુવિધા શરૂ થવા જઈ રહી છે.

ભારતમાં માત્ર આંગળીના વેઢે ગણી શકાય એટલી જ હોસ્પિટલમાં આ પ્રકારની સારવાર મળે છે અને તે પણ રૂા.૪૦ લાખના ખર્ચથી ! તેની સામે મૂની સેવાશ્રમમાં કાર - ટી સેલ થેરાપીની તેના અડધા ખર્ચથી કેન્સરગ્રસ્ત દર્દીની સારવાર કરવામાં આવશે. મૂની સેવાશ્રમમાં કાર્યરત કૈલાસ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરમાં કર્કરોગથી પીડાતા દર્દીઓની નજીવા દરે સારવાર કરવામાં આવે છે અને આ સેવા અનેક ગરીબ તથા મધ્યમ વર્ગીય દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની છે. હવે અહીં ગુજરાતની પ્રથમ કાર - ટી લેબોરેટરી બનવા જઈ રહી છે. જેની માટે મૂની સેવાશ્રમ દ્વારા અંદાજે રૂા.૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેનો પ્રારંભ આગામી ૧૮મી ડિસેમ્બરના રોજ પૂ. અનુબેનના પુણ્યતિથિ નિમિત્તે કરવામાં આવશે. CAR-T સેલ થેરાપી શું છે ? એના વિશે જાણવું રસપ્રદ રહેશે. જીવંત દવા તરીકે ઓળખાતી કાર - ટી સેલ થેરાપી એ ચાઈમેરિક એન્ટિજન રીસેપ્ટર ટી સેલનું મિતાક્ષર છે. કર્કરોગ સામે હાલમાં જે દવાઓ અને સારવાર ઉપલબ્ધ છે, તે કારગત ના નીવડે ત્યારે કાર - ટી પદ્ધતિથી સારવાર કરવામાં આવે છે. હાલમાં ઉપલબ્ધ સારવાર દરમિયાન બી - સેલ લ્યુકેમિયા અને બી - સેલ નોન હોજકિન લિંફોમા કેન્સરના કણો સામે પ્રતિકાર ના કરતા હોય તેવા દર્દીઓ માટે કાર - ટી સેલ થેરાપી આશાનું કિરણ બની છે. કાર - ટી સેલ થેરાપી કેવી રીતે કામ કરે છે, એ જોઈએ તો કેન્સરગ્રસ્ત દર્દીનું રક્ત મેળવવામાં આવે છે. તેના ઉપર ક્લિનિકલ પ્રોસેસ કરી રક્તમાંથી ટી - સેલને તારવવામાં આવે છે.

એક ખાસ પ્રકારની કિટમાં દર્દીના ટી - સેલને વેક્ટર થકી કેન્સરના કણો સામે લડતા શીખવવામાં આવે છે. ટી - સેલ એટલા માટે પસંદ કરવામાં આવે છે કે તે જીનેટકલી રોગકારક તત્વો સામે લડી શકવા માટે સક્ષમ હોય છે. કેન્સરના કોષો ઘણી વખત શરીરની રોગપ્રતિકારક શક્તિથી બચી જતા હોય છે. એથી દર્દીના ટી સેલને કાર - ટી થેરાપીની જીનેટકલી રિપ્રોગ્રામિંગ કરી કર્કરોગના કોષ સામે લડવા સક્ષમ બનાવવામાં આવે છે અને ફરીથી દર્દીના શરીરમાં દાખલ કરવામાં આવે છે.

અમેરિકા અને યુરોપિયન દેશોના તબીબી જગતમાં કાર - ટી સેલ થેરાપી બહુ ચર્ચા સાથે આશા જગાવી છે. આ દેશોમાં કાર - ટી સેલ થેરાપી માટે રૂા. ત્રણથી ચાર કરોડનો ખર્ચ થાય છે. ભારતની જૂજ હોસ્પિટલમાં આ થેરાપી ઉપલબ્ધ છે. જેમાં રૂા.૪૦ લાખ જેટલો ખર્ચ થાય છે. તેની સામે મૂનીસેવા આશ્રમ અડધા ખર્ચે સેવા આપવાનું આયોજન કરી રહી છે. અમદાવાદ મેડિસિટીમાં કાર્યરત રાજય સરકારની ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં આગામી દિવસોમાં કાર - ટી સેલ થેરાપીની ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરવાનું આયોજન છે.

## શનિવારે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીદાદાને રંગબેરંગી સેવંતીના ફુલોનો શણગાર ધરાવવામાં આવ્યો



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૬

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૧૪-૧૨-૨૦૨૪ને શનિવારના રોજ સાળંગપુરમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને રંગબેરંગી સેવંતીના ફુલોનો શણગાર કરાયો છે. આજે સવારે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. પછી શણગાર આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. દાદાને સેવંતીના ફુલોનો દિવ્ય શણગાર ધરાવવામાં આવ્યો હતો. મંદિરના પરિસરમાં મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, સેવંતીના ફુલોનો શણગાર કરાયો છે. વડોદરાથી આ ફુલ મંગાવ્યા છે. સિલ્કના વાઘા ફુલની ડિઝાઈન અને જરદોશી વર્ક કરાયું છે. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

## ખંભાળિયા પંથકમાં બાંધકામને સંલગ્ન અનેક કામગીરી લાંબા સમયથી બંધ : પ્રભારી મંત્રીને રજૂઆત

**અનેક વિકાસકાર્યો ઠપ્પ થતા શહેર ભાજપ પ્રમુખ તન્નાની રજૂઆત**



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

ખંભાળિયામાં સ્થાનિક એરિયા ઓથોરિટી "ખાડા" અસ્તિત્વમાં આવ્યાના અનેક વર્ષો થઈ ચૂક્યા છે. ત્યારે હજુ પણ આ વિભાગમાં વ્યાપક ક્ષતિઓ તેમજ અપૂરતા સ્ટાફ-અધિકારીઓ તેમજ અન્ય નીતિવિષયક બાબતોને લઈને નગરજનો તેમજ જમીન મકાનના વ્યવસાયને વ્યાપક અસર થઈ રહી છે. ત્યારે આ મહત્વના મુદ્દે ખંભાળિયા શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના દ્વારા જિલ્લાના પ્રભારી મંત્રીને સવિસ્તૃત રજૂઆતો કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લો જામનગરથી અલગ થયાને આશરે બારેક વર્ષ જેટલો સમય થઈ રહ્યો છે. ત્યારે ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોમાં બાંધકામ પરવાનગી સહિતની જમીન વ્યવસાયને લગતી બાબત માટે અસ્તિત્વમાં આવેલા ખંભાળિયા વિસ્તાર વિકાસ સત્તા મંડળ (ખાડા) માં હજુ સુધી વ્યાપક ત્રુટીઓ જોવા મળી રહી છે. "ખાડા"માં ડિસેમ્બર ૨૦૨૨ થી લે-આઉટના કામ થયા નથી. આટલું જ નહીં, ખાડામાં નવો ડી.પી. પણ હજુ સુધી ન બનતા અનેક બાબતો પર આની ગંભીર અસર થઈ રહી છે. આ વિસ્તારમાં ૫૦૦ ચોરસ મીટરથી મોટી જગ્યા હોય, તેનું બાંધકામ તેમજ સબપ્લોટિંગની અનેક ફાઈલો કચેરીમાં ધૂળ ખાઈ રહી છે. આ ઉપરાંત છેલ્લા આશરે એકાદ પખવાડિયા થયા મંજૂરી સહિતની મોટાભાગની કામગીરી સંબંધ સદંતર બંધ હોવાથી અરજદારો તેમજ બિલ્ડરોમાં વ્યાપક કચવાટની લાગણી જોવા મળી રહી છે. આ મુદ્દે સ્થાનિક કચેરી દ્વારા ગાંધીનગર ખાતે પત્ર વ્યવહાર પણ કરવામાં આવ્યો છે. વધુમાં જાણવા મળતી વિગત મુજબ જ્યાં સુધી ખાડામાં નવી ડી.પી. ન બને ત્યાં સુધી મંજૂરીની કાર્યવાહી અટકાવી દેવામાં આવી છે. જેથી "ખાડા"ને લગતી કામગીરી કરતા આર્કિટેક, બિલ્ડર તેમજ અરજદારો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. નવાઈની બાબત તો એ છે કે વર્ષ ૨૦૨૨ સુધી ઈમ્પેક્ટ સહિતની મોટાભાગની કામગીરી થઈ શકતી હતી. પરંતુ હાલ મંજૂરી તેમજ સબપ્લોટીંગ વિગેરે બાબત માટે કયું ગ્રહણ નડે છે? તેવા સવાલો પણ ઉઠી રહ્યા છે. દુકાળમાં અધિક માસ તેમ કચેરીમાં ઘણા સમયથી મુખ્ય અધિકારી પણ મુકાયા નથી અને લોકો ધક્કે ચડી રહ્યા છે. ત્યારે આ સહિતના વિવિધ મુદ્દે લોકોની મુશ્કેલી જિલ્લા પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળીયા સમક્ષ સરજુ કરી, શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના દ્વારા આ વિવિધ પ્રશ્નોનું તાકીદે નિરાકરણ આવે તેવી રજૂઆત કરી છે.

## માંગરોળના ૯ બાળકો NSKA ઓપન સૌરાષ્ટ્ર ચેમ્પયનશિપ ૨૦૨૪ લેવલની કરાટે સ્પર્ધામાં વિજેતા થયા

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા. તા.૧૬

NSKA ઓપન સૌરાષ્ટ્ર ચેમ્પયનશિપ ૨૦૨૪ લેવલની કરાટે ચેમ્પિયનશીપ સ્પર્ધા મોરબી ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં માંગરોળ શહેરમાં ચાલતી સેલ્ફ ડિફેન્સ કરાટે ક્લાસીસના બાળકોએ પણ ભાગ લીધેલ હતો. જેમાંથી અલગ અલગ કેટેગરીમાં ૯ સ્પર્ધકો વિજેતાઓ થતા જેમાં ,જય ચાદેગરા ફર્સ્ટ કુમિતે, મોહંમદ ભાટા ફર્સ્ટ કુમિતે અને કાતા માં સેકન્ડ, અલવિના જામ ફર્સ્ટ કુમિતે, કબીરખાન ખીલચી ફર્સ્ટ કુમિતે અને કાતા સેકન્ડ, સુલૈમ બુમડીયા કુમિતે ફર્સ્ટ કાતા થર્ડ, શિતીજ ગોહેલ કુમિતે ફર્સ્ટ, હિરેન ગોહેલ કુમિતે થર્ડ, મિરાલી દાફડા કુમિતે થર્ડ, સમીના ગરીબા કુમિતે ફર્સ્ટ રેન્કમાં આવીને માંગરોળનું નામ રોશન કર્યું હતું.

## ખંભાળિયામાં રાહત દરે સંપૂર્ણ બોડી ચેકઅપનો કેમ્પ : શનિવાર, રવિવારે મ્યુ. ગાર્ડન ખાતે આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

ખંભાળિયામાં આજરોજ શનિવાર તારીખ ૧૪ તથા રવિવાર તારીખ ૧૫ ડિસેમ્બરના રોજ અહીંના મ્યુનિસિપલ ગાર્ડનમાં આવેલા યોગ કેન્દ્ર ખાતે રાહત દરે સંપૂર્ણ બોડી સ્કેન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ક્વોન્ટમ મેગ્નેટિક એનિલાઈઝર મશીનની મદદથી કોઈ પણ પ્રકારના બ્લડ સેમ્પલ લીધા વગર ફૂલ બોડી સ્કેન ટેસ્ટીંગ કરવામાં આવશે. આ રજીસ્ટ્રેશન માટે પાયલબેન ઠાકર (મો. ૯૪૦૮૫૩૫૧૬૯)નો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવ્યું છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાનગી કંપની દ્વારા સરકારી જમીન ઉપર દબાણના આક્ષેપો

**ગૌચર સહિતના દબાણો દૂર કરવા મુખ્યમંત્રીને રજૂઆત**

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા ગામોમાં ખાનગી વીજ કંપની દ્વારા વીજ લાઈનના પોલ ઉભા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં કંપની દ્વારા સરકારી તેમજ ગૌચરની જમીન પર વ્યાપક દબાણ કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા કોંગ્રેસના ઓ.બી.સી. વિભાગના પ્રમુખ મસરીભાઈ આર. કરમુર દ્વારા મુખ્યમંત્રીને સંબોધીને અહીંના જિલ્લા કલેકટરને પાઠવવામાં આવેલા પત્રમાં જણાવ્યા મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા સાથે જામનગર જિલ્લાના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોમાં ખાનગી એનર્જી કંપની દ્વારા વીજ લાઈનના પોલ ઊભા કરવાની હાથ ધરવામાં આવેલી કામગીરી સંદર્ભે તેમના દ્વારા માંગવામાં આવેલી માહિતીમાં કંપની દ્વારા સરકારી તેમજ ગૌચરની જમીન ઉપર દબાણ કરવામાં આવ્યું હોવાનું ખુલવા પામ્યું છે. કેટલીક જરૂરી મંજૂરી પણ મળી ન હોવાથી આવા દબાણો દૂર કરવાની માંગ પત્રમાં કરવામાં આવી છે.

જો આ બાબતે યોગ્ય નિરાકરણ નહીં આવે તો વિરોધ પ્રદર્શન તેમજ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની તેમજ કોર્ટનો પણ સહારો લેવામાં આવશે તેવી ચીમકી આ પાત્રમાં ઉચ્ચારવામાં આવી છે.

## ખંભાળિયામાં લોહાણા વિદ્યાર્થી ભવનમાં સ્નેહ સંમેલન કાર્યક્રમ : તા.૨૧ અને ૨૨ના રોજ સુંદર આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

ખંભાળિયાની જાણીતી શૈક્ષણિક સંસ્થા લોહાણા વિદ્યાર્થી ભવન (બોર્ડિંગ) ખાતે અગાઉની જેમ આ વર્ષે પણ સ્નેહ સંમેલન કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ખંભાળિયાની આ લોહાણા બોર્ડિંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પંચમ સ્નેહ સંમેલન તારીખ ૨૧ અને ૨૨ ડિસેમ્બરના યોજાનાર છે. જે અંગેનું તમામ આયોજન આ બોર્ડિંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની કમિટી દ્વારા થઈ રહ્યું છે. જેમાં દર વર્ષની આ વખતે પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં હાજરી આપશે. આ સંમેલનની નિમંત્રણ પત્રિકાઓ દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વોટ્સએપ દ્વારા મોકલવામાં આવી છે. જેમાં જોડાવા તેમજ જરૂરી માહિતી માટે ભૂતપૂર્વ વિદ્યાર્થી કમિટીનો સંપર્ક કરવા જણાવાયું છે. સાથે સાથે આ યોજના સહભાગી થવા સંસ્થાના દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થી મિત્રોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

દર વર્ષે યોજાતા સંમેલનમાં બોર્ડિંગના સંચાલક મંડળ તરફથી પણ જરૂરી સહકાર મળે છે. આ વખતે પણ પ્રમુખ તથા ટ્રસ્ટી મંડળ અને જ્ઞાતિના પ્રતિષ્ઠિત આગેવાનોને પણ આ કાર્યક્રમમાં સહભાગી થવા અનુરોધ કરાયો છે.

## સોમનાથ-વેરાવળમાં પીજીવીસીએલ રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ સપ્તાહ ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૬

આજે જીવનના દરેક ક્ષેત્રમાં વિજળીનું અત્યધિક મહત્વ છે. દુનિયાભરના કારખાના, મશીન, ઓટોમોબાઈલ, દવા દરેક ચલાવવામાં ઉર્જાનું મહત્વ છે. ત્યારે વેરાવળ વિજળી તંત્ર તેના તાબાની કચેરીઓ સહિતમાં રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ સપ્તાહ ઉજવી રહ્યું છે. જૂનાગઢ વર્તુળ-વેરાવળ ડીવીઝન, પ્રભાસપાટણ સહિત સર્વ કચેરીઓમાં વીજ અધિકારી જે.જે. કાચાના સંકલનમાં વીજ અકસ્માત નિવારણ, વૃક્ષા રોપણ, ચિત્ર સ્પર્ધા, ફીડર સમારકામ, રેલી, મોકડ્રીલ, વીજ સલામતી પ્રતિજ્ઞા, વીજ સલામતી સાધનોની ચકાસણી, ટેબ્લો, શાળાઓમાં ઉર્જા બચાવ જાગૃતિ અંગે સંવાદ- પ્રવચનોનું તા.૨૧-૧૧-૨૪ સુધી આયોજન કરવામાં આવેલ છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાની વર્ષની અંતિમ લોક અદાલતમાં આવ્યો પ્રથમ વખત સર્વ શ્રેષ્ઠ પરીણામ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા શનિવાર તારીખ ૧૪ ના રોજ વર્ષ ૨૦૨૪ ની અંતિમ લોક અદાલત યોજવામાં આવી હતી. જેમાં અત્યાર સુધીનું રેકોર્ડ બ્રેક પરીણામ આવ્યું છે. શનિવારની લોક અદાલતમાં ૩૮૩૯ કેસોનો સુખઃદ નિવેડો લાવવામાં આવ્યો છે. જેમાં ૩,૩૦,૩૨,૫૩૦ રકમના હુકમો કરી, કેસો પુરા કરવામાં આવ્યા હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લાની અદાલતોના કુલ પેન્ડીંગ કેસોમાં એક જ દિવસમાં ૨૩.૬૩ ટકાનો નોંધપાત્ર અને રેકર્ડબ્રેક ઘટાડો થયો છે. દેવભૂમિ દ્વારકા અલગ જ્યુડિશિયલ જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ આઠ વર્ષનું સર્વ શ્રેષ્ઠ પરિણામ રહ્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના એડમિનિસ્ટ્રેટિવ જસ્ટીસ એચ.એસ. પ્રચ્છકના માર્ગદર્શન અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મેમ્બર સેક્રેટરી આર.એ. ત્રિવેદી તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન શ્રી એસ.વી. વ્યાસની સીધી દેખરેખ હેઠળ શનિવારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલી તમામ અદાલતોમાં આ વર્ષની અંતિમ રાષ્ટ્રીય લોક અદાલત તેમજ સ્પેશીયલ મેજીસ્ટ્રેયીલ સીટીંગનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અદાલતમાં ચાલતા હોય તેવા તમામ સમાધાન લાયક સિવિલ તથા ફોજદારી કેસો, ગ્રાહક સેવા તકરારની બાબતો, વિગેરે તમામ કુલ ૨૯૩૪ કેસો કુલ મુકવામાં આવ્યા હતા. જેમાંથી ૨૧૭૧ કેસોનો સમાધાન દ્વારા નિકાલ લાવવામાં આવ્યો. જેના કુલ ૨.૬૭ કરોડના હુકમો થયા હતા. આ ઉપરાંત પ્રિ-લીટીગેશન કેસો માટે પ્રિ-લીટીગેશન અદાલતનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૨૧૭ કેસો મૂકવામાં આવ્યા હતા. જેમાંથી ૧૬૪૩ કેસોમાં સમાધાન દ્વારા નિકાલ લાવવામાં આવ્યો હતો. જેની કુલ દાવાની રકમ રૂા. ૬૩ લાખ જેટલી થઈ હતી. જે કેસો ભવિષ્યમાં તકરાર ઉદ્દભવતા અટકાવી સુખદ સમાધાન લાવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત " ઉજાસ - એક આશા ની કિરણ" પ્રિ - લિટીગેશન મેટ્રીમોનિયલ ડીસ્પુટ લોક અદાલત અંતર્ગત ૨૪૬ કેસો મુકવામાં આવ્યા હતા. જેમાંથી ૧૨૫ કેસોનો સમાધાન દ્વારા નિકાલ કરવામાં આવ્યો હતો. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા વકીલો, સરકારી વકીલો, પોલીસ અધિકારીઓ, કલેકટર તથા રેવન્યુ ખાતાના અધિકારીઓ, બેંક તથા ફાયનાન્સીયલ ઈન્સ્ટીટયુટના અધિકારીઓ તથા સંસ્થાઓના હોદેદારો જેવા સ્ટેક હોલ્ડરો સાથે આ લોક અદાલત તથા સ્પેશીયલ મેજીસ્ટ્રેયીલ સીટીંગના સંદર્ભમાં જ્યુડીશ્યલ ઓફિસરો સાથે રૂબરૂ તથા ઓનલાઈન પીરીયોડીકલી મીટીંગો યોજીને પરીણામલક્ષી આયોજન કરવામાં આવ્યું હતું. લીટીગેશન તથા પ્રિ-લીટીગેશન કેસો માટે પ્રિ-કાઉન્સીલીંગ તથા પ્રિ-સિટિંગ યોજવામાં આવેલ પધ્ધતીસરના આયોજન થકી જિલ્લામાં યોજાયેલી લોક અદાલતમાં ૩૮૩૯ કેસોનો સુખઃદ નીવેડો લાવવામાં આવ્યો છે. સાથે રૂા. ૩,૩૦,૩૨,૫૩૦ ના હુકમો કરાયા હતા જેમાં કલ્યાણપુર તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા ૫૧૦, ઓખા કાનૂની સેવા સમિતિ દ્વારા ૩૭૦, ભાણવડ દ્વારા ૩૦૨, દ્વારકામાં ૩૮૩ કેસો ફેસલ કરવામાં આવ્યા હતા. દ્વારકા જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદનું આ સર્વશ્રેષ્ઠ પરિણામ છે. તેમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવની યાદીમાં જણાવાયું છે.

# દ્વારકામાં શંકરાચાર્ય ગુરૂકુળ ખાતે સંસ્કૃત શાસ્ત્રોની જાળવણીની આગવી પરમ્પરા સમાન રાજ્ય સ્તરીય સ્પર્ધાનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા. ૧૬

દ્વારકા શારદાપીઠના જગતગુરૂ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજીની અધ્યક્ષતામાં આગામી તારીખ ૧૬ થી ૧૯ ડીસેમ્બર દરમ્યાન ૩૩ મી રાજ્ય સ્તરીય સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે અહીં વેદો અને શાસ્ત્રોની જાળવણી થાય અને સંસ્કૃત શાસ્ત્રો પ્રત્યે વિદ્યાર્થીઓ ઉંડાણપૂર્વક રસ લેતા થાય એ માટે આ આયોજન કરવામાં આવે છે. રાજ્યના શિક્ષણ વિભાગના અનુદાનથી અમદાવાદ સંસ્કૃત પાઠશાળા શિક્ષક મંડળ આયોજિત દ્વારકાના શ્રી શંકરાચાર્ય અભિનવ સચ્ચિદાનંદ તીર્થ સંસ્કૃત મહાવિદ્યાલયના યજમાન પદે આ ૩૩ મી રાજ્યસ્તરીય સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ શાસ્ત્રીય સ્પર્ધામાં વિભિન્ન શાસ્ત્રોના વિષયોની (સંભાષણ, શલાકા, કંઠપાઠ વિગેરે) ૩૬ જેટલી સ્પર્ધાઓ યોજાશે. ગુજરાતની સંસ્કૃત મહાવિદ્યાલયોમાં અભ્યાસ કરતા ૬૫૦થી વધુ ઋષિકુમારો આ રાજ્યસ્તરીય સ્પર્ધામાં દ્વારકા ખાતે આવશે. આ સ્પર્ધાઓ માટે ૧૩૦થી વધુ માર્ગદર્શકો, વિવિધ વિષયોના નિષ્ણાત નિર્ણાયકો, અધ્યાપકો અને આચાર્યો ખાસ જોડાશે. આ સ્પર્ધામાં ઋષિકુમારો સંપૂર્ણ ગ્રંથ પર અધ્યયન કરી નિરિક્ષકો સામે પ્રસ્તુત થતા હોય છે અને નિરીક્ષકો દ્વારા ગ્રંથના કોઈપણ પેજ ખોલવામાં આવે અને તે પાના પરનો શબ્દ બોલે અને ત્યાંથી ઋષિકુમાર મંત્રનો ઉચ્ચારણ કરવાનું શરૂ કરે અને નિરીક્ષક 'ઓમ' ના કહે ત્યાં સુધી મંત્રોચ્ચારણ કરતા રહે છે. બીજા તેમજ ત્રીજા તબક્કામાં આ વિષયો પર ગહન ચર્ચાઓ તેમજ પ્રશ્નોત્તરી કરવામાં આવે છે. આ રાજ્ય સ્તરીય સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાત રાજ્યના પ્રતિનિધિત્વ રૂપે ભાગ લેવાનો રહેશે. આ સંસ્કૃત શાસ્ત્રીય સ્પર્ધામાં પ્રતિવર્ષ નિયમ પ્રમાણે પ્રાપ્ત થયેલા મેડલ અનુસાર જે પાઠશાળાના સૌથી વધુ અંક થાય તેને વિજય વૈજયંતી ટ્રોફી એનાયત કરવામાં આવે છે. આ રાજ્ય સ્તરીય સ્પર્ધાને કારણે આપણી દેવ ભાષા સંસ્કૃત ભાષા તેમજ આપની સંસ્કૃતિ જન-જન સુધી પહોંચે છે. સંસ્કૃત પાઠશાળામાં ગુરુ-શિષ્ય પરંપરાથી ઋષિકુમારોને ગૂરૂકુલ પરંપરા મુજબ વિદ્યા આપવામાં આવે છે. ગુરૂકુલ પરંપરા પ્રમાણે અભ્યાસ કરતા ઋષિકુમારો આ સ્પર્ધામાં ભાગ લેતા હોય છે. વેદ, પુરાણોની જાણકારી લોકો સુધી પહોંચે અને અને આપણી સંસ્કૃતિની ધરોહર લુપ્ત ન થાય તે આશયથી રાજ્ય સરકારના સહયોગથી દર વર્ષે આ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. તા. ૧૬ ના રોજ આ શાસ્ત્રીય સ્પર્ધાના ઉદ્દ્ઘાટન સત્ર યોજાશે અને ૧૯ તારીખે સમાપન થશે. જેમાં દ્વારકા શારદાપીઠના જગતગુરુ શંકરાચાર્ય પૂજ્યપાદ સ્વામી સદાનંદ સરસ્વતીજી, રમેશભાઈ ઓઝા, રાજ્યના શિક્ષણમંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા, પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય પબુભા માણેક, શાળાઓની કચેરીના કમિશનર પી.આર. રાણા, જિલ્લા કલેકટર જી.ટી. પંડયા, પિનાકીનભાઈ જાની, યતીન ચૌધરી, કે.એફ. વસાવા, જિલ્લા શિક્ષણાધિકારી એચ.આર. જાડેજા, સંસ્કૃત પાઠશાળા નિરીક્ષક વી.એમ. તેરૈયા તેમજ સંસ્કૃત પાઠશાળા અધ્યાપક મંડળના હોદેદારો ઉપસ્થિત રહેશે. અધ્યાપક મંડળના પ્રમુખ ડો. મનોજગીરી, મંત્રી ડો. રઘુભાઈ જોષી, સંયોજકશ ડો. અમૃતલાલ ભોગાયતા અને ગોવિંદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આયોજન થઈ રહ્યું છે. દ્વારકા પંથકમાં ભક્તોની ઉપસ્થિતિમાં અદ્વિતીય ઋષિ પરંપરાને ધ્યાને રાખતા ગુરુકુળ શિક્ષણ પદ્ધતિનું પ્રત્યક્ષ ઉદાહરણ દર્શાવતી સંસ્કૃત ભાષાનું સંવર્ધન કરતી આ સ્પર્ધાઓ યોજાશે તેમ ડૉ. કુલદીપ પુરોહિતની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ શહેરમાં જાગનાથ મંદિર ખાતે ૭૦ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના શહેરી નાગરિકો માટે "આયુષ્યમાન વય વંદના કાર્ડ" માટે કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

હાલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત રૂા.૧૦ (દસ) લાખનો વાર્ષિક કૌટુબીક આરોગ્ય વીમો મેળવવાની યોજના અમલમાં છે.આ યોજના અંતર્ગત "આયુષ્યમાન કાર્ડ" યોગ્યતા ધરાવતા નાગરિકોને આપવામાં આવે છે.આ યોજના ઉંમર લાયક નાગરિકોને સરળતાથી આરોગ્ય વીમો પ્રાપ્ત થાય તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા.૨૯/૧૦/૨૦૨૪ના રોજ ૭૦ વર્ષ અને તેથી વધુ ઉમર ધરાવતા નાગરિકોને આવકની મર્યાદા ધ્યાનમાં લીધા વગર આયુષ્યમાન કાર્ડ આપવાનો અમલ શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ત્વરિત અમલવારી કરવાની સુચના અન્વયે કમિશનર ડો.ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ અને નાયબ કમિશનર એ.એસ.ઝાંપડા અને નાયબ કમિશનર ડી.જે.જાડેજાની સુચના અન્વયે જૂનાગઢ શહેરમાં તા.૧૫/૧૨/૨૦૨૪ શ્રી જાગનાથ મંદિર, જાગનાથ મંદિર રોડ, જલારામ સોસાયટી, જૂનાગઢ ખાતે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, મેડિકલ ઓફિસર સ્વયંપ્રકાશ પાંડે, હાઉસ ટેક્ષ સુપ્રિ. વિરલભાઈ જોષી, બાયોલોજીસ્ટ હરસુખભાઈ રાદડીયા, મેડિકલ ઓફિસર ડો.અર્ચિત ભરડવા, શહેર ભાજપ પ્રમુખ પુનીતભાઈ શર્મા,પૂર્વ ધારાસભ્ય મહેન્દ્ર ભાઈ મશરૂ, પૂર્વ આરોગ્ય સમિતિ ચેરમેન પલ્લવીબેન જોષી, સી.પી.સી. જિજ્ઞાસાબેન કાતરિયા અને આગેવાનશ્રીઓ વગેરેની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં ૭૦ વર્ષ અને તેથી વધુ ઉમર ધરાવતા નાગરિકોને આવકની મર્યાદા ધ્યાનમાં લીધા વગર આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. શહેરીજનોનું આયુષ્યમાન કાર્ડ રીન્યુ કરવાનું હોઈ તે ૪૮ કલાક પહેલાના આવકના દાખલા વડે રીન્યુ કરી આપવામાં આવ્યા હતા. આ તકે બીપી અને ડાયાબીટીસની મફત તપાસ કરી આપવા માટે કેમ્પ પણ રાખવામાં આવેલ. મહાનગરપાલિકા, જૂનાગઢમાં નોંધાયેલ મિલ્કત ધારકો કે જેને વર્ષઃ૨૦૨૩-૨૪ અથવા વર્ષઃ૨૦૨૪-૨૫ના વર્ષનો મિલ્કત વેરો ભરપાઈ કરેલ છે. તે તમામ મિલ્કત ધારકોને મહાનગરપાલિકા, જૂનાગઢ તરફથી મિલ્કત વેરો ભર્યાની ઓરીજનલ પહોંચ અથવા ઓનલાઈન માધ્યમથી મિલકત વેરો ભરેલ હોય તેવા કિસ્સામાં ઓનલાઈન મિલકત વેરો ભર્યાની પહોંચ અને આધાર કાર્ડની ઝેરોક્ષ રજુ કર્યેથી જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સુકો કચરો અને ભીના કચરાની વિના મુલ્યે ૨-નંગ ૧૦ લીટર ડસ્ટબીન (બ્લુ અને લીલી)નું ઉપરોક્ત સ્થળ ઉપર જ વિતરણ કરવામાં આવ્યું હતું. વીજળી બીલની મદદથી પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજનાનો લાભ આપવામાં આવ્યો તેમજ સરકારની ગાઈડ લાઈન મુજબ જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા શહેરમાં આધાર કાર્ડ E-KYC ની કામગીરી હાલ ઝુંબેશ રૂપ ચાલી રહેલ છે. જે કામગીરીના ભાગ રૂપે ઉપરોક્ત કેમ્પમાં આધાર કાર્ડ E-KYCની કામગીરી પણ સાથે સાથ કરવામાં આવી હતી. આ તકે ૧,૧૦૮ શહેરીજનો દ્વારા લાભ લેવામાં આવ્યો હતો. તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો દ્વારા ડેન્ગ્યું મેલેરિયા અંગેના સ્ટોલ પરથી માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું. ઉપરોક્ત તમામ સેવાઓ મહાનગર પાલિકા,જુનાગઢ દ્વારા વિનામૂલ્યે આપવામાં આવી હતી.

# વિસાવદરના માંડાવડ ગામે નવીકોર્ટ બિલ્ડીંગની બાજુમાં જજ ક્વાર્ટર માટે જગ્યા ફાળવવા ટિમ ગબ્બરની માંગ

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૬

ટીમ ગબ્બર ગુજરાતના કાંતિ.એચ.ગજેરા એડવોકેટ તથા વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા મુખ્યમંત્રી,કાયદા મંત્રી, સચિવ, આર એન્ડ બી( સ્ટેટ) કાર્યપાલક ઈજનેર, આર એંડ બી ડિપાર્ટમેંટ(સ્ટેટ), જૂનાગઢ સહિતનાને રજુઆત કરી જણાવેલ છે કે, વિસાવદરમાં હાલ ત્રણ કોર્ટ ચાલે છે અને ન્યાયાધીશ માટે રહેવા માટે ક્વાર્ટરની વ્યવસ્થા નથી છેલ્લા દસ વર્ષથી ક્વાર્ટર મંજુર થયેલ છે પણ તે માટેની જગ્યાની ફાળવણી કરવામાં આવેલ નથી અને ન્યાયાધીશ સાહેબોને ફરજિયાત ભાડાના મકાનમાં રહેવા જવું પડતું હોય તે મકાન કોર્ટ પ્રિમાઈસીસથી ઘણું દૂર હોય આવવા જવામાં ઘણી મોટીઅગવડતાઓ પડતી હોય અથવા તો જૂનાગઢથી અપડાઉન કરવું પડતું હોય તેના કારણે અગવડતાઓ ઉભી થતી હોય તેથી વિસાવદર કોર્ટમાં ફરજ બજાવતા ત્રણેય ન્યાયાધીશ સાહેબો માટે નવા આધુનિક સુવિધાઓ વાળા કવાર્ટર બનાવવા અમારી માંગ સાથે રજુઆત છે તાજેતરમાં વિસાવદરના માંડાવડ ગામમાં દશ હજાર વાર જગ્યા નવા કોર્ટ બિલ્ડીંગ માટે ફાળવવામાં આવેલ છે તેની બાજુમાં હજુ સરકારી ખરાબાની જમીન ઉપલબ્ધ હોય ત્યાં સરકાર દ્વારા વધુ દશ હજાર ચોરસ મીટર જેટલી જગ્યા ફાળવવામાં આવે તે જરૂરી છે અને તે જગ્યાએ જજોના કવાર્ટસ બનાવવામાં આવે તો કોર્ટ પ્રિમાઈસીસ તથા કવાર્ટર બાજુ બાજુમાં બની શકે તેમ છે આ જગ્યાએ હાલ કવાર્ટર માટેની જગ્યા ઉપલબ્ધ છે ભવિષ્યમાં અહીં જગ્યા ઉપલબ્ધ ન હોય તેવું બની શકે તેમ છે કારણકે આ જગ્યાની આજુબાજુમાં નવી સરકારી હોસ્પિટલ તથા અન્ય કચેરીઓ માટે જગ્યાની ફાળવણી કરવાની પ્રક્રિયા હાલ ચાલુ છે તેથી વહેલામાં વહેલી તકે આ જગ્યાએ જમીનની ફાળવણી કરવામાં આવે તેવી અમો ટિમ ગબ્બરની માંગ છે ટીમ ગબ્બરની ઉપરોક્ત રજુઆતની ગંભીરતા ધ્યાને લઈ આ રજુઆત લાગુ પડતા વિભાગમાં રજુ કરી કરાવી આ પ્રશ્નનું તાત્કાલિક નિવારણ લાવવા ટીમ ગબ્બરની માગણી સાથે રજુઆત છે ટીમ ગબ્બરની રજુઆત લાગુ પડતા વિભાગના અધિકારીઓને પહોંચાડી અમારી રજૂઆત અન્વયે યોગ્ય કાર્યવાહી કરી / કરાવી કરેલ કાર્યવાહીનો લેખિત જવાબ નાગરિક અધિકાર પત્ર અન્વયે ટીમ ગબ્બરનાસરનામે મોકલી આપવા અરજ કરેલ હોવાનુ ટિમ ગબ્બર ગુજરાતના ધારાશાસ્ત્રી નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ખંભાળિયામાં પિતા દ્વારા સગીર પુત્રી પર દુષ્કર્મ : આરોપી શખ્સની ધરપકડ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

ખંભાળિયા પંથકમાં રહેતા એક શખ્સ દ્વારા પોતાની સગીર વયની પુત્રીને હવસનો શિકાર બનાવ્યાનો ચકચારી બનાવ સામે આવ્યો છે. આ પ્રકરણમાં પોલીસે હવસખોર બાપની અટકાયત કરી લીધી છે. પિતા-પુત્રીના નિર્મળ સંબંધોને શર્મસાર કરતા આ ચકચારી બનાવની વિગત એવી છે કે ખંભાળિયા તાલુકાના સુતારીયા ગામે રહેતા એક પરિવારની ૧૨ વર્ષની સગીર બાળાની છેલ્લા એકાદ વર્ષમાં પોતાના પિતા દ્વારા અવારનવાર શારીરિક છેડતી કરી, અને દુષ્કર્મ આચરવામાં આવતા આખરે આ સગીરાએ સમગ્ર આપવીતી પોતાની માસીને વર્ણવી હતી. આથી સગીરાના માસીએ ખંભાળિયા પોલીસ મથકમાં પોતાના બનેવી અને ભોગ બનનાર બાળાના પિતા સામેની આ સમગ્ર હકીકત વર્ણવી હતી. જેને અનુસંધાને ખંભાળિયા પોલીસે તાકીદની કાર્યવાહી કરી અને આશરે ૪૭ વર્ષના આ શખ્સની અટકાયત કરી લીધી હતી. આ બનાવે નરાધમ બાપ સામે સર્વત્ર ફિટકારની લાગણી પ્રસરાવી છે. સગીરાના માતા છેલ્લા કેટલાક સમયથી માનસિક રીતે અસ્વસ્થ હોવાનું તેમજ હાલ તેણી પોતાના માવતરે રહેતા હોવાનું પણ જાણવા મળ્યું છે. આ બનાવે આરોપી બાપ સામે સર્વત્ર ફિટકારની લાગણી પ્રસરાવી છે. આ પ્રકરણ સંદર્ભે પોલીસે દુષ્કર્મ અને પોક્સો એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. બી.જે. સરવૈયા દ્વારા હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર કામગીરી અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિના સીધા માર્ગદર્શન હેઠળ પી.આઈ. સરવૈયા તેમજ પી.એસ.આઈ. આર.આર. ઝરૂ અને સ્ટાફ તથા એલ.સી.બી.ની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# વિસાવદર કોર્ટમાં યોજાઈ નેશનલ લોક અદાલત : એક જ દિવસમાં કરાયો ૨૩૪ કેસોનો ન્યાયિક નિકાલ

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૬

વિસાવદરમાં તા.૧૪-૧૨-૨૪ના રોજ નાલ્સાની ગાઈડ લાઈન મુજબ વિસાવદર કોર્ટ બિલ્ડીંગ ખાતે કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને તાલુકા કાનુની સેવા સમિતિના ચેરમેન એસ.એસ.ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં લીટીગેશન અને પ્રિલિટીગેશન સહિતના કુલ રૂપિયા એક કરોડ અડસઠ લાખ ચાલીસ હજાર તેતાંલીશ રૂપિયા અને સાઈઠ પૈસાના પુરાના ૨૩૪ કેસોમાં પક્ષકારો હાજર રહેલા હતા અને ૨૩૪ કેસોનો સુખદ નિકાલ થતાં લોક અદાલતનું ૧૦૦% પરિણામ પ્રાપ્ત થયુ હતું. જેમાં સ્પેશિયલ સિટિંગના કુલ ૬૫ કેસોમાં રૂપિયા ૧૨,૬૦૦/-નો દંડ વસુલ કરવામાં આવેલ હતો જે મળી ચાલુ ૧૬૦ કેસોનો નિકાલ કરવામાં આવેલ તથા ૭૪ પ્રિલિટીગેશનના ફેમિલી કોર્ટ તથા એડિશનલ ડિસ્ટ્રીકટ કોર્ટના મળી કુલ ૨૩૪ કેસોનો ઐતિહાસિક ન્યાયિક નિકાલ કરતા વિસાવદર કોર્ટમાં લોક અદાલતનું ઐતિહાસિક રેકોર્ડબ્રેક પરિણામ આવ્યું હતું. આ લોક અદાલતમાં વિસાવદર બાર એસોસિએશનના પ્રમુખ રમેશભાઈ ધાધલ, સીરાજભાઈ માડકીયા, વિજયભાઈ જેઠવા, સિનિયર ધારાશાસ્ત્રી દિનેશભાઈ શાહ, નયનભાઈ જોશી,



અશ્વિનભાઈ દુધરેજીયા, સમીરભાઈ પટેલ, કમલેશભાઈ જોશી, એચ.કે. સાવલિયા, એમ.ડી. ડોબરીયા, બી.ડી. રિબડિયા, એમ.આઈ. કાળવાતર તથા સ્ટેટ બેંક, યુનિયન બેંક, બેંક ઓફ બરોડા તથા પી.જી.વી.સી.એલની જુદી જુદી કચેરીઓના અધિકારીઓ તથા સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહેલા અને પક્ષકારોને સમજાવટ કરી લોક અદાલતને સફળ બનાવવા માટે મહત્વનો ફાળો આપેલ હતો. વિસાવદર કોર્ટના સુપ્રિટેન્ડન્ટ અને તાલુકા કાનૂની સેવા સમિતિના સેક્રેટરી ચંદુભાઈ ભટ્ટી, અનુપભાઈ વાઘેલા, સુધીરભાઈ ચાવડા, તથા તમામ કોર્ટ સ્ટાફે લોક અદાલતને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવેલ હતી. આ પ્રસંગે સવારના ૧૦-૩૦ કલાકે દીપ પ્રાગટય કરી લોક અદાલતને ખુલ્લી મુકવામાં આવેલ હતી ત્યારથી પક્ષકારોની મોટા પ્રમાણમાં હાજરી અને ઉત્સાહ ઉડીને આંખે વળગે તેવી હતી. મુખ્ય ન્યાયાધીશ શ્રી એસ.એસ. ત્રિવેદી સાહેબે આ પ્રસંગે લોક અદાલતનું લોકો માટે મહત્વ અને સમાજ માટે સમાધાનનું મહત્વ સમજાવતું ઉદબોધન કરેલ હતું તેમજ એડી. સેશન્સ જજ જે.એલ.શ્રીમાળીએ લોક અદાલત વિશે માહિતી આપેલ. વિસાવદર કોર્ટમાં આજની લોક અદાલતને સફળ બનાવવા છેલ્લા બે માસથી અત્રેની કોર્ટના ન્યાયાધીસઓ તથા વકીલઓ દ્વારા કરવામાં આવેલ પ્રયાસોથી રેકોર્ડ બ્રેક પરિણામ પ્રાપ્ત થયેલ છે.

## અવસાન નોંધ

રાજકોટ : રાજકોટ નિવાસી હાલ વડોદરા ભારતીબેન રત્નેશ્વર(ઉ.વ.૭૦) તે રમેશભાઈ રત્નેશ્વર(રીટા એકસ. એન્જી. પીજીવીસીએલ)ના પત્ની, ગુંજન મહેતા, નમ્રતા અંબાણી, પુજા ભાવસારના માતુશ્રી, હરેશભાઈ(મુંબઈ), હેમંતભાઈ(કસ્ટમ ઈન્સ્પેક્ટર અમદાવાદ ઓએનજીસી), રશ્મિનભાઈ(નિવૃત બીઓઆઈ), નિતીનભાઈ(રમેશ પેઈન્ટ-રાજકોટ)ના ભાભી, તુષારભાઈ(તુષાર સેલ્સ-રાજકોટ)ના કાકીનું તા.૧૦ના રોજ વડોદરા ખાતે અવસાન થયું છે. સદગતની પ્રાર્થનાસભા તા.૧૬ના રોજ સાંજે ૪થી ૫ માસ્તર સોસાયટી, શેરી નં.૯, ૮૦ ફુટ રોડ પાછળ, ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, રાજકોટ ખાતે છે.

# દુનિયાભરમાં ડૂબેલ ૧૫ નગરીઓમાં દ્વારકા સૌથી પ્રાચીન અને મહત્ત્વની નગરી જય દ્વારકાની થીમ સાથે દ્વારકાની મહત્તા ઉજાગર કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૬

દક્ષિણ ભારતીય સંસ્થાના જનરલ સેક્રેટરી રવિન્દ્રનાથના જણાવ્યાનુસાર સંસ્થા દ્વારા આ સાથે જય દ્વારકા મીશન ચલાવવામાં આવશે જેમાં દુનિયાભરમાં ડૂબી ગયેલાં શહેરોમાં દ્વારકા નગરી સૌથી પ્રાચીન હોય જેના લીધે પ્રાચીન દ્વારકાના ઉત્ખનન, જાળવણી વિગેરેના સરકારના પ્રયાસોમાં સહભાગી બની પ્રોત્સાહિત કરવામાં આવનાર છે. આ સાથે સંસ્થાના રવિન્દ્રજીથે એમ પણ જણાવ્યું હતું કે દુનિયાભરમાં અત્યાર સુધીમાં કુલ ૧૫ જેટલી નગરીઓ જે તે કારણોસર સમુદ્રમાં ગરકાવ થઈ થઈ છે. આ તમામ ૧૫ સિટીઓમાં યાત્રાધામ દ્વારકા સૌથી વધુ પ્રાચીન હોય જયાં સિંધુ ખીણની સંસ્કૃતિ, મેસોપોટેમીયા સંસ્કૃતિ, ઈજિપ્ત સંસ્કૃતિ, ચીનની સંસ્કૃતિ, મિનોઆન સંસ્કૃતિ, ઓલ્મેક સંસ્કૃતિ અને નોર્ટેચિકો સંસ્કૃતિ દરમ્યાન અસ્તિત્વમાં આવી હોય ભગવાન શ્રીકૃષ્ણએ જયાં શાસન કર્યુ હોવાનું હિન્દુ પૌરાણિક ગ્રંથોમાં પૂરાવો હોય પૌરાણિક દ્વારકાને પ્રાચીન વિશ્વની રાજધાની સમાન ગણાવતાં આ સંસ્કૃતિના સંસ્મરણો દિર્ઘકાલીન નોંધ લેવાય તે હેતુ જય દ્વારકા મિશન ચલાવવામાં આવનાર છે. આ સંસ્થા દ્વારા હૈદરાબાદ ખાતે ૨૪મી જૂને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુની ઉપસ્થિતિમાં જય દ્વારકા અભિયાનનું ઉદ્ઘાટન કરવામાં આવેલ અને ત્યારબાદ ડૂબેલી દ્વારકાના બંધારણને સાચવવા તેમજ મહાભારતકાળના



છુપાયેલા પુરાતત્ત્વીય પૂરાવાઓને ઉજાગર કરવા જરૂરી સરકારી મંજૂરીઓ મેળવાયા બાદ આ વિશ્વધરોહરના પ્રાચીન કલાકૃતિઓના રહસ્યોને બહાર લાવવા તેમજ જાળવણી હેતુ પ્રયાસો હાથ ધરવાની નેમ હોવાનું રવિન્દ્રજીથે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે યુનેસ્કોની વર્લ્ડ હેરીટેજ સાઈટ્સની યાદીમાં પ્રાચીન દ્વારકાનો ઉલ્લેખ કરાયો છે ત્યારે ITS 6TH WOW સંસ્થા દ્વારા ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયને એક પ્રતિનિધિત્વ રજૂ કર્યુ હતું જેમાં પ્રાચીન દ્વારકાનું નામ ભારતના રાષ્ટ્રીય હેરીટેજ સાઈટ્સમાં સામેલ કરવા અને નામના શિલાલેખ માટે અરજી કરવા માટે જરૂરી પગલા લેવા રજૂઆત કરવામાં આવી હતી.

सत्यमेव जयते
ગુજરાત સરકાર

Gujarat Tourism



“ હું ખરેખર રોમાંચિત છું કે કચ્છનું ધોરડો ગામ, તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પ્રાકૃતિક સૌંદર્ય માટે પ્રસિદ્ધ થઈ રહ્યું છે. આ સન્માન ભારતીય પ્રવાસનની ક્ષમતાનું જ નહીં, પરંતુ કચ્છના લોકોના સમર્પણને પણ પ્રદર્શિત કરે છે.

ધોરડો હંમેશા ઝગમગતું રહે અને વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષતું રહે! ”

**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન, ભારત



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

# rann utsav

01st DEC, 2024 to 28th FEB, 2025

## રણ એક રંગ અનેક

કલ્પના કરો એક એવા સ્થળની, જ્યાં ધરતી રાત્રે ચાંદનીના પ્રકાશથી ઝળહળી ઉઠે છે અને સૂર્યોદયની સાથે સોનેરી રંગમાં રંગાઈ જાય છે. આ કચ્છનો જાદુ છે અને રણ ઉત્સવનો અવિસ્મરણિય અનુભવ છે, જે તમારી યાદોમાં જીવનભર શાશ્વત રહેશે.





| વૈભવી ટેન્ટ્સ અથવા કચ્છી ભુંગામાં રહેવાનો અનુભવ | ગાઇડેડ ટૂર સાથે કચ્છ જોવાનો અનુભવ | ઝિપલાઇન, એટીવી રાઇડ્સ અને બીજી ઘણી બધી રોમાંચક પ્રવૃત્તિઓ | સંસ્કૃતિ, ભોજન અને હસ્તકલાનો સમન્વય |
|---|---|---|---|

*કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા*

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
ઉદ્યોગ ભવન, બ્લૉક નંબર 16, ચોથો માળ, સેક્ટર - 11, ગાંધીનગર - 382 010, ગુજરાત
**www.gujarattourism.com** • ટોલ ફ્રી નંબર: **1800 203 1111**

DHORDO BEST TOURISM VILLAGE 2023 BY UNWTO

UNWTO World Tourism Organization